અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ નોમ

વર્ષ : ૧૫
અંક : ૧૨૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## સેન્સેક્સમાં ૪૩૧ અને નિફ્ટીમાં ૧૬૮ પોઇન્ટનો ઊછાળો

### અમેરિકાની રોકાણ સંસ્થાએ ગૌતમ અદાણી જૂથને ક્લીનચીટ આપ્યા બાદ, શેરોમાં બમ્પર વૃદ્ધિના આધારે અદાણી વિશ્વના ૧૬મા સૌથી ધનિક વ્યક્તિ બન્યા

। નવી દિલ્હી, તા.૫ ।

મંગળવારે શેરબજારના કારોબારમાં સારી ગતિ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ ૪૩૧ પોઈન્ટના વધારા સાથે ૬૯,૨૯૬ ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૬૮ પોઈન્ટના વધારા સાથે ૨૦૮૫૫ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. અમેરિકાની રોકાણ સંસ્થા ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશને ગૌતમ અદાણી ગ્રુપને ક્લીનચીટ આપ્યા બાદ તેમની કંપનીઓના શેરમાં બમ્પર વધારો નોંધાયો છે અને ગૌતમ અદાણી હવે વિશ્વના ૧૬મા સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. મંગળવારે, શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન, મલ્ટિબેગર શેર્સમાં સારો ઉછાળો નોંધાયો હતો. મંગળવારે, શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન, જીયોફાઈનાન્સિયલ સર્વિસિસના શેર ૫.૩૫ ટકાના ઉછાળા સાથે ૨૪૨ રૂપિયાના સ્તરને



પાર કરી ગયા હતા. મંગળવારે પટેલ એન્જિનિયરિંગ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કામધેનુ લિમિટેડ, દેવયાની ઈન્ટરનેશનલ, ટાટા મોટર્સ અને ઓમ ઈન્ફ્રાના શેરમાં વધારો નોંધાયો હતો. માત્ર છ દિવસમાં ગૌતમ અદાણીની સંપત્તિમાં ૪૬,૬૬૩ કરોડનો વધારો થયો, જાણો કઈ કંપનીનો ફાળો સૌથી વધુ!

યુનિ પાર્ટ્સ ઈન્ડિયા, સ્ટોવ ક્રાફ્ટ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ અને ગતિ લિમિટેડના શેર નબળાઈ પર બંધ થયા હતા. મંગળવારે ગૌતમ અદાણી ગ્રુપની નવ લિસ્ટેડ કંપનીઓના શેરમાં બમ્પર વધારો નોંધાયો હતો. મંગળવારે અદાણી ટોટલ ગેસ અને અદાણી ગ્રીન એનર્જીના શેર ૨૦ ટકાની ઉપલી સર્કિટ પર બંધ થયા હતા.

એનડીટીવીઅને અદાણી એન્ટરપ્રાઈઝ ૧૮ ટકા વધ્યા હતા.અદાણી પોર્ટ્સ-અદાણી પાવર મંગળવારે ૧૬ ટકાના વધારા સાથે બંધ થયા હતા. અદાણી વિલ્મર ૧૦ ટકા વધ્યો.એસીસી લિમિટેડ અને અંબુજા સિમેન્ટના શેર ૮ ટકાના વધારા સાથે બંધ થવામાં સફળ થયા. મંગળવારના કારોબારમાં પતંજલિ ફૂડ્સ, આસીઆઈસીઆબેંક, ફેડરલ બેંક, મારુતિ સુઝુકી, એચડીએફસીબેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એક્સિસ બેંકના શેરમાં વધારો થયો હતો, જ્યારે SBI કાર્ડ, ઈન્ફોસિસ, બજાજ ફાઈનાન્સ, આઈઆરસીટીસી, મુથુટ ફાઈનાન્સ અને આશાનિષા ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો નોંધાયો હતો. નોંધવામાં આવ્યું હતું. મંગળવારે, શેરબજારના કારોબારમાં, નિફ્ટી મિડ કેપ, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં વધારો નોંધાઈ રહ્યો હતો જ્યારે નિફ્ટી આઈટી થોડી નબળાઈ પર કામ કરી રહ્યો હતો. શેરબજારમાં નબળાઈ દર્શાવતા શેરની વાત કરીએ તો એલટીઆઈમાઈન્ડટ્રી, એચયુએલ, એચસીએલટેક અને ડીવીસ લેબના શેર નબળાઈ પર કામ કરી રહ્યા હતા. મંગળવારે, બીએસઈસેન્સેક્સ સતત બીજા દિવસે મોટા ઉછાળા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો.

### માર્ગ અકસ્માતમાં સારવારમાં વિલંબથી વધુ મોત થાય છે

## રોડ અકસ્માતના ઘાયલોને હવે મફત સારવાર અપવામાં આવશે

### આ જોગવાઈ માટે મોટર વ્હીકલ એક્ટમાં ફેરફાર પહેલાથી જ કરી દેવાયો હતો, રોડ પરિવહન અને હાઈવે મંત્રાલય ટુંક સમયમાં જ આ અંગે જાહેરાત કરશે

। નવી દિલ્હી, તા.૫ ।

રોડ અકસ્માતમાં સૌથી વધુ મોત માત્ર સારવારમાં થતા વિલંબના કારણે થાય છે. આ ગંભીર વિષય પર ધ્યાન આપતા સરકાર ટુંક સમયમાં જ રોડ અકસ્માતના કેસમાં મફત સારવારની વ્યવસ્થા કરવા જઈ રહી છે. જેથી ઈજાગ્રસ્તોને આસપાસ જલ્દીથી જલ્દી નિઃશૂલ્ક સારવાર મળી શકે અને તેમનો જીવ બચાવી શકાય. તેના માટે મોટર વ્હીકલ એક્ટમાં ફેરફાર પહેલાથી જ કરી દેવાયો હતો. આંકડા અનુસાર, ગત વર્ષ ૪.૪૬ લાખ રોડ દુર્ઘટનાઓ બની,



જેમાં ૪.૨૩ લાખ લોકો ઈજાગ્રસ્ત થયા અને ૧.૭૧ લાખ લોકોના મોત થયા. રોડ પરિવહન અને હાઈવે મંત્રાલય ટુંક સમયમાં જ આ અંગે એલાન કરી શકે છે. આવનારા ૪ મહિનાઓમાં આ સુવિધા આખા દેશમાં લાગૂ કરી દેવાશે. મંત્રાલયના સચિવ અનુરાગ જૈને એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે, રોડ એક્સિડેન્ટના કારણે સૌથી વધુ મોત ભારતમાં થાય છે. નિઃશુલ્ક અને કેશલેસ મેડિકલ ટ્રીટમેન્ટનો નિયમ મોટર વ્હીકલ એક્ટમાં સામેલ છે. આ નિયમનું પાલન કેટલાક રાજ્યોમાં કરાઈ રહ્યું છે. પરંતુ, હવે આખા દેશમાં તેને લાગૂ કરવાનો સમય આવી ગયો છે. એટલા માટે સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રલયને અપીલ કરાઈ છે કે, કેશલેસ સારવારની સિસ્ટમને આખા દેશમાં લાગૂ કરવામાં આવે.

### વિશ્વભરમાં ૧૪૧ બાળકો મૃત્યુ પામ્યા!

## ભારતમાં કફ સિરપ બનાવતી ૫૪ કંપનીઓ ક્વોલિટી ટેસ્ટમાં થઈ ફેલ

### ચંદીગઢની પ્રાદેશિક દવા પરીક્ષણ પ્રયોગશાળાએ ૨૮૪ પરીક્ષણ અહેવાલો જારી કર્યા હતા અને ૧૦ કંપનીઓના ૨૩ નમૂનાઓ હલકી ગુણવત્તાના હોવાનું જણાયું હતું

। નવી દિલ્હી, તા.૫ ।

સરકારી અહેવાલ મુજબ, ભારતમાં કફ સિરપનું ઉત્પાદન કરતી ૫૦ થી વધુ કંપનીઓ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગઈ છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે ૨,૧૦૪ પરીક્ષણ અહેવાલોમાંથી, ૫૪ કંપનીઓમાંથી ૧૨૮ (૬%) પ્રમાણભૂત ગુણવત્તાની જરૂરિયાતોને પૂર્ણ કરતી નથી. આ અહેવાલ વિશ્વભરમાં ૧૪૧ બાળકોના મૃત્યુ સાથે સ્થાનિક રીતે ઉત્પાદિત કફ સિરપને જોડતા અહેવાલોને પગલે વિવિધ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલી પ્રયોગશાળા પરીક્ષાઓનો સંદર્ભ આપે છે. રિપોર્ટમાં એવા ચોક્કસ કિસ્સાઓ પ્રકાશિત કરવામાં આવ્યા છે કે જ્યાં કફ સિરપના નમૂનાઓ હલકી ગુણવત્તાના હોવાનું જણાયું હતું.



ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી ગુજરાતે ૩૮૫ નમૂનાઓનું વિશ્લેષણ કર્યું હતું, જેમાંથી ૨૦ ઉત્પાદકોમાંથી ૫૧ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગયા હતા. એ જ રીતે, મુંબઈની સેન્ટ્રલ ડ્રગ ટેસ્ટિંગ લેબોરેટરીએ ૫૨૩ નમૂનાઓનું વિશ્લેષણ કર્યું હતું, જેમાંથી ૧૦ કંપનીઓના ૧૮ નમૂના પરીક્ષણમાં નિષ્ફળ ગયા હતા. ચંદીગઢની પ્રાદેશિક દવા પરીક્ષણ પ્રયોગશાળાએ ૨૮૪ પરીક્ષણ અહેવાલો જારી કર્યા હતા.

### પાકિસ્તાનના પેશાવરની ગંભીર ઘટના

## પેશાવરની શાળા પાસે બ્લાસ્ટમાં અનેક બાળકો ઘાયલ થયા છે

। ઈસ્લામાબાદ, તા.૫ ।

પાકિસ્તાનના પેશાવરમાં ફરી એક વખત સ્કૂલ પાસે થયેલા બ્લાસ્ટના કારણે સેંકડો બાળકો ઘાયલ થયા છે. મળતા પ્રાથમિક અહેવાલો અનુસાર પેશાવરની એક સ્કૂલ પાસે થયેલા બ્લાસ્ટ બાદ પોલીસ દોડતી થઈ હતી. આ એક આતંકવાદી હુમલો હોવાની આંશકા પણ વ્યક્ત કરાઈ છે.

પોલીસનુ કહેવુ છે કે, વિસ્ફોટક પર્દાર્થોનો ધડાકા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિસ્ફોટમાં ઘાયલ બાળકોને પેશાવરની લેડી રીડિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ પૈકી બે બાળકોની હાલત ગંભીર છે. હોસ્પિટલના કહેવા પ્રમાણે ઘાયલ બાળકો સાત વર્ષથી ૧૦ વર્ષની વયના છે.સ્થળ પર તપાસ કરી રહેલી પોલીસનુ



કહેવુ હતુ કે, આજે સવારે નવ વાગ્યે આ બ્લાસ્ટ થયો હતો. જેમાં ચાર કિલો વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિસ્ફોટકોને રસ્તાની એક તરફ સિમેન્ટ બ્લોકમાં છુપાવવામાં આવ્યા હતા. હાલમાં પોલીસ દ્વારા સમગ્ર શહેરને કોર્ડન કરીને આ મામલામાં સંડોવાયેલા લોકોની શોધ ચલાવવામાં આવી રહી છે.બ્લાસ્ટ કરવા પાછળનો ઈરાદો શું હતો અને કોને ટાર્ગેટ કરવા માટે બ્લાસ્ટ કરાયો હતો તેની જાણકારી મળી નથી.

### વિપક્ષી ગઠબંધનમાં ભૂમિકા ભજવનારા નિતિશ હવે ભાગે છે

## ૬ ડિસેમ્બરની ઈન્ડિયાની બેઠકમાં નીતિશ કુમાર સામેલ નહીં થાય

। નવી દિલ્હી, તા.૫ ।

આખા વિપક્ષને એકજૂથ કરી ઈન્ડિયાગઠબંધન બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવનારા મુખ્યમંત્રી નીતીશ કુમાર હવે ગઠબંધનની દૂર ભાગતા નજરે પડી રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ૬ ડિસેમ્બરે દિલ્હીમાં ઈન્ડિયાગઠબંધનની બેઠક બોલાવી છે. ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની હાર બાદ આ પહેલી બેઠક છે. જેના પર સૌની નજર પણ છે. તેવામાં સૂત્રો જણાવી રહ્યા છે કે, મુખ્યમંત્રી નીતીશ કુમાર આ બેઠકમાં સામેલ નહીં થાય. યૂપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ સિંહ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તરફથી પહેલા જ બેઠકમાં સામેલ ન થવાના સંકેત આપી દેવાયા છે. તેવામાં હવે નીતીશ કુમાર આ બેઠકમાં સામેલ નહીં થવાની ચર્ચાએ જોર પકડ્યું છે. તો અખિલેશના બદલે સપાથી



રામગોપાલ યાદવ સામેલ થશે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે આજે દિલ્હી પહોંચી ચૂક્યા છે. તેઓ ઈન્ડિયાગઠબંધનની બેઠકમાં ભાગ લેશે. જેડીયુતરફથી મુખ્યમંત્રી નીતીશ કુમારના જવા કે ન જવાના વિષય પર કોઈ નિવેદન નથી આપ્યું. જોકે, જેડીયુનેતાનું કહેવું છે કે, મુખ્યમંત્રી નીતીશ કુમારને ડૉક્ટરે આરામ કરવાની સલાહ આપી છે. તેમને વાયરલ તાવ આવ્યો હતો. જેને લઈને હાલ તેમની તબિયત ઠીક નથી.

### મિઝોરમમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટનો ભવ્ય વિજય

## મિઝોરમમાં પ્રથમ વખત ત્રણ મહિલા ઉમેદવારોનો વિજય

। આઈઝોલ, તા.૫ ।

મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો ગઈકાલે આવ્યા હતા જેમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેડપીએમ)એ મોટી જીત મેળવી છે. આ વખતે મિઝોરમ વિધાનસભાની ચૂંટણીમાં ૧૬ મહિલા ઉમેદવારો મેદાનમાં હતી જેમાં ૪૦ સભ્યોની વિધાનસભામાં પ્રથમ વખત ત્રણ મહિલા ઉમેદવારો ચૂંટાયા છે.મિઝોરમ વિધાનસભા ચૂંટણીમાં (ઝેડપીએમ)એ મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)ને સત્તા પરથી હટાવીને મોટી જીત નોંધાવી હતી. જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેડપીએમ)એ ૪૦ સીટની વિધાનસભામાં કુલ ૨૭ બેઠકો જીતી હતી. મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)ને માત્ર ૧૦ બેઠકો મળી છે. આ સિવાય ભાજપને બે બેઠક અને કોંગ્રેસનો એક બેઠક



પરથી વિજય થયો છે. આ વખતે મિઝોરમ વિધાનસભા ચૂંટણી ખરા અર્થમાં ખાસ હતી જેમાં ૪૦ સભ્યોની વિધાનસભામાં પ્રથમ વખત ત્રણ મહિલા ઉમેદવારો ચૂંટાયા છે. ગઈકાલે જાહેર થયેલા પરિણામમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેએમપી)ના ઉમેદવાર લાલરીનપુઇ લુંગલેઈ પૂર્વ મતવિસ્તારમાંથી જીત્યા અને તેમના પક્ષના સાથીદાર અને ટેલિવિઝન એંકર બેરીલ વેન્નીહસાંગી આઈજાવી દક્ષિણ-૩ બેઠક પરથી ચૂંટાયા હતા.

### ન્યૂઝ બ્રિફ

#### ભાજપના જીતના જશ્નને જોતા સમર્થકોને બે દિવસ બજારમાં ન જવા અપીલ



। જયપુર, તા.૫ ।

રાજસ્થાનની તિજારા વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ઈમરાન ખાન પોતાના સમર્થકોને એક-બે દિવસ બજારમાં ન જવા માટે અપીલ કરી રહ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ વીડિયો ચૂંટણી પરિણામો આવી ગયા બાદનો છે જેમાં તેઓ હાર્યા બાદ પોતાના સમર્થકોને સંબોધિત કરી રહ્યા છે.વાયરલ વીડિયોમાં ઈમરાન ખાન એવું કહી રહ્યા છે કે, હવે એક-બે દિવસ બજારમાં ન નીકળતા કારણ કે, બીજેપી વાળાની જીતનો જશ્ન મનાવવાની રીત ખૂબ જ ઉગ્ર છે. આગળ ઈમરાન ખાન પોતાના સમર્થકોને કહી રહ્યા છે કે, કોઈની સાથે કોઈ લડાઈ નહોતી. એ તમામ લોકોનો ધન્યવાદ જેમણે મને ચૂંટણીમાં સંપૂર્ણ સહકાર આપ્યો.

#### કલ્યાણ યોજનાઓ-હિંદુ અસ્મિતાએ ભાજપને વિજય અપાવ્યો

। નવી દિલ્હી, તા.૫ ।

ભાજપની વિજયી ધાર હજી પણ ચાલુ રહેવા સંભવ છે તેમ કહેતા વિશ્લેષકો જણાવે છે કે, ભાજપની કલ્યાણ-યોજનાઓ તેમની હિન્દુ અસ્મિતાને લીધે ભાજપે ૨૦૨૨માં ઉ.પ્ર.માં વિજય પ્રાપ્ત કર્યો હતો. આ રીતે જ તેણે રાજસ્થાન, મ.પ્ર. અને છત્તીસગઢમાં વિજય કર્યો છે, અને આ શસ્ત્રોનો તે ભવિષ્યમાં પણ ઉપયોગ કરશે જ તે નિશ્ચિત લાગી રહ્યું છે. આ રીતે ભાજપ વિપક્ષીના કાયરતા ભર્યા હુમલાઓનો બરોબર વળતો જવાબ આપે છે અને આપશે, અને ભાજપનાં કેન્દ્રીકરણ સામે વિપક્ષો જ પરાસ્ત થઈ રહ્યા છે તેમ જ પરાસ્ત થતાં રહેશે. આ સાથે વિશ્લેષકો તેમ પણ કહે છે કે 'હીન્દી હાર્ટલેન્ડ' પર ભાજપનો પૂરો પ્રભાવ છે. બીજી તરફ તે જ વિસ્તારમાં કોંગ્રેસને થયેલો લોસ, કોંગ્રેસને નિર્બળ બનાવી રહ્યો છે અને ભાજપ સામે ટક્કર લેવાને તે એકમાત્ર સખત પક્ષ છે તેવો કોંગ્રેસનો દાવો પણ નિર્બળ બન્યો છે.




**ન્યૂઝ બ્રિફ**

## સુરતથી જ્વેલર્સોને ખોટું સોનું પધરાવતી ગેંગ ઝડપાઈ

। સુરત, તા.૫ ।

સુરત શહેરના મોટા વરાછામાં પ્રકાશ જ્વેલર્સમાંથી બે ગઠિયાએ સોનાની ચેન ખરીદી કરી હતી. તેની સામે સોનાનું પડ ચડાવેલી ધાતુની વસ્તુ વેચી હતી. સોનાના નામે ધાતુ પધરાવી જ્વેલર્સ સાથે રોકડા રૂપિયા લઈ છેતરપિંડી કરનારી ગેંગને સુરતની ઉતરાયણ પોલીસે ઝડપી પાડી હતી. જો કે, આ ગેંગની પૂછપરછમાં ગુજરાત રાજ્યના અલગ અલગ નવ શહેરોમાં છેતરપિંડી કર્યા હોવાની કબૂલાત કરતા પોલીસે તેમના વિરુદ્ધ કાયસુરત ઉતરાણ પોલીસની પકડમાં બેઠેલા આ છ જેટલા આરોપીએ સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલા કે પ્રકાશ જ્વેલર્સ બે ગઢીયાઓ થોડા દિવસ પહેલાં આવી ૧૪.૮૨૦ ગ્રામની સોનાની ચેન ખરીદી હતી અને તેની સામે ૧૭.૮૮૦ ગ્રામની ચેન વેચી હતી. આ ઘટનાઓ ફરાર થઈ ગયા હતા. જો કે, ગઠીયાઓએ વેચેલી ચેન પર માત્ર સોનાનું ધાતુ ચડાવ્યા હોવાનું સામે આવ્યું હતું. આમ ગઠિયાઓએ ૭૦,૦૦૦નો ચૂનો ચોપડી જતા જ્વેલર્સના માલિક કૌશિકભાઈ નાકરાણી આ મામલે ઉતરાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

## મિશ્રઋતુને કારણે રાજકોટના ધોરાજીમાં વાયરલ રોગચાળાએ માથું ઊંચક્યું

। રાજકોટ, તા.૫ ।

મિશ્રઋતુને કારણે રાજકોટના ધોરાજીમાં વાયરલ રોગચાળાએ માથું ઊંચક્યું છે. તહેવારો બાદથી જ ધોરાજી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૪૦૦થી ૫૦૦ જેટલા દર્દીઓની ઓપીડી નોંધાઈ રહી છે.ગુજરાતમાં ભર શિયાળામાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. તો ક્યાંક વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. મિશ્રઋતુને કારણે રાજકોટના ધોરાજીમાં વાયરલ રોગચાળાએ માથું ઊંચક્યું છે. તહેવારો બાદથી જ ધોરાજી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૪૦૦થી ૫૦૦ જેટલા દર્દીઓની ઓપીડી નોંધાઈ રહી છે. જેમાં તાવ, શરદી ઉધરસના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આ રોગચાળાના પગલે સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારની દવા અને ઓક્સિજન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરી દેવામાં આવી છે. તો હોસ્પિટલ તંત્ર દ્વારા નર્સિંગ સ્ટાફ અને ડોક્ટરોને પણ ૨૪ કલાક સ્ટેન્ડબાય રહેવા આદેશ કરાયો છે.



ભીમજીપુરા ચાર રસ્તા પર છજ્સ્ર દ્વારા ડ્રેનેજ માટે કરેલ ખાડો હજુ સુધી પુરાયેલ નથી.

### ગુજરાતથી દર વર્ષે કેનેડા જનારા સ્ટૂડન્ટ્સનો આંકડો હજારોમાં

## કેનેડામાં ગુજરાતી સ્ટૂડન્ટ્સ કેસિનોના રવાડે ચઢ્યા

### મા-બાપની સાથે રહેતા સંતાનોને તેમના ડર અને શરમ બંને હોય છે, અને તેના કારણે તેઓ કંઈ પણ ખોટું કરતાં અચકાય છે

। અમદાવાદ, તા.૫ ।

ગુજરાતથી દર વર્ષે કેનેડા જનારા સ્ટૂડન્ટ્સનો આંકડો હજારોમાં થાય છે, અને આ સંખ્યા સતત વધતી જ જાય છે. આજથી પાંચેક વર્ષ પહેલા સ્ટૂડન્ટ્સ ગ્રેજ્યુએટ થયા બાદ ૨૦-૨૨ વર્ષની ઉંમરે કેનેડા જતાં હતાં, પરંતુ હવે બારમું ધોરણ પાસ થનારા ૧૮-૧૯ વર્ષના છોકરા-છોકરીઓને પણ તેમના મા-બાપ હોંશે-હોંશે કેનેડા કે પછી બીજા કોઈ દેશમાં ભણવા માટે મોકલી રહ્યા છે. પોતાના સંતાનને લાખો રૂપિયા ખર્ચ કરીને વિદેશ મોકલતા દરેક મા-બાપની ઈચ્છા હોય છે કે તેમનો દીકરો કે દીકરી વિદેશ જઈને સારૂં શિક્ષણ પ્રાપ્ત કરે અને ભણવાનું પૂરૂં થાય બાદ ત્યાં જ જોબ શોધીને સેટલ પણ થઈ જાય. એક તરફ મા-બાપ અનેક આશા અને અપેક્ષા સાથે પોતાના સંતાનોને કેનેડા જેવા દેશમાં મોકલે છે, પરંતુ ત્યાં તેમના સંતાનો કેવી સ્થિતિમાં રહે છે, બરાબર ભણે છે કે નહીં અને તે કોઈ ખોટી સોબતમાં આવી ગયા છે કે નહીં તેમની સાચી માહિતી બાળકોથી હજારો કિલોમીટર દૂર રહેતા મા-બાપને ભાગ્યે જ મળતી હોય છે. મા-બાપની સાથે રહેતા સંતાનોને તેમના ડર અને શરમ બંને હોય છે, અને તેના કારણે તેઓ કંઈ પણ ખોટું કરતાં અચકાય છે. જોકે, વિદેશની ધરતી પર મા-બાપ કે પછી રોકટોક કરવાવાળું બીજું કોઈ ના હોવાથી કુમળી વયે જે કરવું હોય તે કરવાની આઝાદી ધરાવતા દેશમાં પહોંચતા બાળકો ક્યારેક ખોટા લોકોની સોબતમાં આવી જતાં હોય છે, અને એવી ખરાબ આદતોનો શિકાર બની જતાં હોય છે કે તેના કારણે તે પોતે તો બરબાદ થાય જ છે, પરંતુ સાથે જ તેમના પરિવારને પણ તેની સજા ભોગવવી પડે છે. વર્ષોથી કેનેડાનાં ટોરેન્ટોમાં સેટલ થયેલા અને પોતાનો બિઝનેસ ધરાવતા એક દર્શકે કેનેડામાં આવેલા ગુજરાતી સ્ટૂડન્ટ્સ ત્યાં કેસિનોના રવાડે ચઢીને કઈ રીતે ખુંવાર થઈ રહ્યા છે તેનો ચોંકાવનારો અનુભવ અમારી સાથે શેર કર્યો છે. પોતાની સગી આંખે યુવાનોને બરબાદ થતાં જોનારા આ વ્યક્તિ પોતાનું નામ જાહેર કરવા નથી ઈચ્છતા, પરંતુ તેમણે જે કંઈ માહિતી સાથે શેર કરી છે.

### સુરતમાં કરચોરી કરતાં ૧૫ વેપારીઓ ઝડપાયા

## GSTના દરોડામાં સામે આવ્યુ ૧.૫ કરોડનું બોગસ બિલિંગ

। સુરત, તા.૫ ।

ગુજરાતમાં ફરી એકવાર જીએસટી વિભાગે દરોડાની કાર્યવાહી શરૂ કરી છે, આજે સુરત શહેરમાંથી વધુ એક મોટી કરચોરી પકડાયાના સમાચાર સામે આવ્યા છે. શહેરમાં ચાલી રહેલી કાર્યવાહીમાં ૧૫ જેટલા ડ્રાયફૂટ વિક્રેતાઓને ત્યાંથી ૧.૧૦ કરોડની કરચોરી પકડાઈ છે. સુરતમાં જીએસટી વિભાગે છેલ્લા કેટલાક સમયથી ડ્રાયફૂટ વિક્રેતાઓ પર દરોડાની કાર્યવાહી શરૂ કરી છે, જેમાં અત્યાર સુધી કુલ ૧૫ ડ્રાયફૂટ વિક્રેતાઓને ત્યાંથી ૧.૧૦ કરોડની કરચોરી પકડાઈ છે, હાલ જીએસટી વિભાગની તપાસની કામગીર પૂર્ણ થઈ છે. સુરતમાંથી મિક્સ ડ્રાયફૂટ પર ૧૨%ની જગ્યાએ ૫% ટેક્સ ભરવામાં આવ્યો છે. આની સાથે વેપારીઓની ટુકડાઓ દર્શાવી સારી ક્વૉલિટીના કાજુના વેચાણમાં પણ ગેરરિતી બહાર આવી છે. જીએસટી વિભાગે સુરત શહેર-જિલ્લાના ૧૫ ડ્રાયફ્રુટના વિક્રેતાઓને ત્યાં દરોડા પાડ્યા હતા. દિવાળી દરમિયાન મોટાભાગનો માલ બેનબરમાં વેચવામાં આવ્યો હતો, અહીંથી મોટાપાયે ખરીદ-વેચાણ અને સ્ટૉકને લગતાં હિસાબી ચોપડા જપ્ત કરવામાં આવ્યા છે. વેપારીઓએ ખૂબ નજીવું વેપારનું બિલીંગથી બતાવી

### પરિવારજનો દ્વારા ડોક્ટર પર બેદરકારીનો આરોપ

## વડોદરા SSG હોસ્પિટલમાં બાળકીનું મોત નિપજ્યું

। વડોદરા, તા.૫ ।

વડોદરાની એસએસજી હોસ્પિટલમાં પીડિયાટ્રીક વિભાગમાં એક બાળકીના મોત બાદ ગુસ્સે થયેલા પરિવારજનોએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. બાદમાં ડોક્ટરે પોલીસને બોલાવતા મામલો થાળે પડ્યો હતો. પરિવારજનોએ ડોક્ટર પર બેદરકારી રાખવાનો આરોપ લગાવ્યો હતો. જોકે ડોક્ટરે તમામ આરોપોને ફગાવી દીધા હતા. મળતી જાણકારી અનુસાર, શહેરની એસએસજી હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગમાં સ્નાયુ ખેંચાવાની બીમારીથી પીડાતી નેન્સી સોલંકીને સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. આ સમયે હોસ્પિટલમા હાજર ડોક્ટરે બાળકીની પ્રાથમિક તપાસ બાદ સ્ઈં રિપોર્ટ કરાવવા સૂચના આપી હતી. જેથી પરિવારે મંજૂરી આપી હતી. સ્ઈં માટે બાળકીને એનેસ્થેસિયાની જરૂરત હતી. એનેસ્થેસિયા બાદ બાળકીને ટેસ્ટ માટે લઈ ગયા હતા. આ સમયે જ બાળકીનું મોત થતા પરિવારને જાણ કરી હતી. બાળકીના મોતથી પ રિવારજનો ગુસ્સે થયા હતા અને ડોક્ટર પર એનેસ્થેસિયાના હાઈડોઝ આપ્યાનો આરોપ લગાવી પીડિયાટ્રિક વિભાગમાં તોડફોડ કરી હતી. ઘટનાને પગલે તબીબોએ તાત્કાલિક પોલીસને બોલાવી

### સુરતના મોટા વરાછા વિસ્તારની ઘટના

## કાર અપાવવાના બહાને DGVCLના કર્મચારી પાસેથી રૂ. ૧.૮૦ લાખ પડાવ્યા

। સુરત, તા.૫ ।

મોટા વરાછાના મહારાજા ફાર્મ નજીક સુમન નિવાસમાં રહેતો અને ડીજીવીસીએલમાં નોકરી કરતો નિકુંજ જીતેન્દ્ર વાઘેલા (ઉ.વ. ૩૧) એ ઓક્ટોબર ૨૦૨૨ માં કૌટુંબિક ફોઈના દીકરા અમીત ઉર્ફે લાલો મહેશ ચાવડા (રહે. શુભમ એવન્યુ, અબ્રામા રોડ, મોટા વરાછા) પાસેથી રૂ. ૩.૭૫ લાખમાં વેગન આર કાર ખરીદવાનું નક્કી કર્યુ હતું. જેના પેમેન્ટ પેટે નિકુંજે ટુકડે-ટુકડે રૂ. ૧.૪૫ લાખ ઓનલાઈન અને રૂ. ૯૫ હજાર રોકડા આપ્યા હતા બાકીનું પેમેન્ટ કારની ડિલીવરી વખતે આપવાના હતા.

વીસ દિવસ બાદ કાર આપવાનું કહેનાર અમીતે કારમાં ખરાબી છે એમ કહી બારોબાર બીજાને વેચી દીધી હતી. જેથી નિકુંજે પેમેન્ટ પરત આપવાનું કહેતા રૂ. ૯૦ હજાર આપી દીધા હતા અને નવસારી ખાતે મારૂતિ સુઝુકીના શો રૂમમાં નોકરી કરતા મિત્ર સાથે વાત કરાવી બીજી કાર અપાવવાનું કહ્યું હતું. ત્યાર બાદ પૈસાની જરૂર છે અને હું બિલ ભરી દઈશ એમ કહી નિકુંજનો ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૩૫ હજાર સ્વાઈપ કર્યા હતા. પરંતુ આ પેમેન્ટ પણ ભર્યુ ન હતું અને બાકી રૂ. ૧.૫૦ લાખ પણ પરત આપ્યા ન હતા અને ધાક-ધમકી આપી હતી. આ પ્રકરણમાં ઉત્રાણ પોલીસે બાંધકામનો વ્યવસાય કરતા અમીતની ધરપકડ કરી છે.

### ગુજરાતના જ વિવિધ શહેરોમાં દારુબંધીના લીરે લીરા ઉડ્યા

## અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં બે હજારથી વધુ દારુની બોટલ ઝડપાઇ

। અમદાવાદ, તા.૫ ।




એક તરફ ગુજરાતમાં દારુબંધી હોવાની વાતો કરવામાં આવે છે. બીજી તરફ ગુજરાતના જ વિવિધ શહેરોમાં દારુબંધીના લીરે લીરા ઉડતા જોવા મળે છે. બુટલેગરોએ દારુની હેરાફેરી માટે નવા નવા કિમીયા અપનાવી રહ્યા છે. અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં બે હજારથી વધુ દારુની બોટલ ઝડપાઈ છે. જે માટે તેમણે અલગ કિમીયો અપનાવેલો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં ગોમતીપુર પોલીસ સ્ટેશનની હદમાં PCBએ દરોડા પાડી કુલ ૮૮ પેટીમાં ૨૦૦૦થી વધુ દારૂની બોટલ ઝડપી પાડી છે. તુલસીપાર્ક પોલીસ ચોકીની સામે જુલતા મિનારા પાસે મોટી માત્રામાં દારૂનો જથ્થો પકડાયો છે. આ દારુનો જથ્થો છુપાવવા આરોપીઓએ લોટનો ઉપયોગ કર્યો હતો.

**વિશેષ** | શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

# કડાણા તાલુકાના આંટલવાડા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચતા ગ્રામજનોને વિવિધ યોજનાના લાભોનું વિતરણ કરાયુ

### આપણે ''એક ભારત, શ્રેષ્ઠ ભારત''નો સંકલ્પ લઈ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવુ જોઈએ : મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર





કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકોને મળે તેમજ લોકોને આ યોજનાઓની જાણકારી મળી રહે તેવા આશય સાથે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ગામેગામ ફરી રહી છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના આંટલવાડા ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" આવી પહોંચતા આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. રથનું કુમકુમ તિલક અને નાળિયેર વધેરીને ઉમેળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર એ ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા જણાવી કહ્યું કે, સરકાર પ્રજાના આંગણે આવી લાભ આપી રહી છે. આઝાદીના લડવૈયા ભગવાન બિરસા મુંડાના જન્મસ્થળથી નીકળેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા આપણાં દ્વાર સુધી પહોચી છે ગામે ગામે આ સફરમાં દરેક ગામમાં મિશન મોડમાં જઈ અને પ્રત્યેક ગરીબ અને વંચિત વ્યક્તિને સરકારની દરેક જનકલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત કરવામાં આવી રહ્યા છે. વિકસિત ભારત યાત્રા યોજનાકીય લાભોથી વંચિત રહેલા નાગરિકોને લાભાન્વિત કરવાનું માધ્યમ બની છે. આયુષ્માન કાર્ડ થકી ૧૦ લાખ સુધીની કેશલેસ આરોગ્ય સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપી લોકોના જીવન ધોરણને સુધારવામાં આ સંકલ્પ યાત્રા મહત્વની બની રહશે. વધુમાં મંત્રીશ્રીએ દરેક લોકોમાં દેશભક્તિની ભાવના પ્રબળ બનાવવા પર ભાર મુકી સરકારની યોજનાનો લાભ લેવા આહવાન કર્યુ હતું. આઝાદીના ૧૦૦ વર્ષે ૨૦૪૭માં આપણો દેશ સંપૂર્ણ વિકસિત થઈ જશે એવા સંકલ્પ સાથે મંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી માટે આ દેશની પ્રજા જ તેમનો પરિવાર છે. તેમણે પ્રજાના લોકકલ્યાણ અને જન સુખાકારી માટે નાની નાની દરેક યોજનાઓનું ધ્યાન રાખ્યું છે. ત્યારે આપણે ''એક ભારત, શ્રેષ્ઠ ભારત''નો સંકલ્પ લઈ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવુ જોઈએ. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળનું આયુષ્માન કાર્ડ અને ઉજ્જ્વલા સહિતની યોજનાઓના લાભોનું વિતરણ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ "મેરી કહાની, મેરી ઝુબાની" થીમ હેઠળ પોતાને મળેલા યોજનાકીય લાભો વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સૌ ગ્રામજનોએ ભારતને વર્ષ ૨૦૪૭ સુધી આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સપનાંને સાકાર કરવા અંગે શપથ લીધા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રમીલાબેન ડામોર, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન, અગ્રણી શ્રી અંબાલાલ પટેલ,જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ...

# કષ્ટદાયી દાયકામાં દૂધનું દૂધ અને પાણીનું પાણી

એકવીસમી સદીના એક અઘરા દાયકા તરીકે ઈ. સ. ૨૦૨૦ થી ૨૦૨૯ના સમયગાળાને ઓળખવામાં આવે છે. હજુ તો આપણે ત્રેવીસ સુધી પહોંચ્યા છીએ. હવામાનની અરાજકતા એ આ દાયકાની મુખ્ય લાક્ષણિકતા છે, પરંતુ પ્રકૃતિની ઘોર ઉપેક્ષા એ તો માણસજાતની છેલ્લા એકસો વરસની તવારીખ છે. ટેકનોલોજિકલ અપડેટ રહેવું એ હવે ફરજિયાત છે. એક ટંક ભોજન નહીં કરો તો ચાલશે, પણ ડિજિટલ કામકાજમાં જો બાઘા છાપ રહેશો તો અપમાનિત થશો એમાં કોઈ શંકા નથી. ઉત્સવો બજારમાં તેજીની લહેર લઈ આવે છે. ભારત જેવા વિરાટ દેશે આવી લહેરે લહેરે જ મંદીને ખાળવાની હોય છે. દેશમાં ડિજિટલ ડિલીંગની ચડતી કળા છે. જે લોકો માત્ર વિમાન પ્રવાસની ટિકિટ કે ફિલ્મની ટિકિટ બુક કરાવતાં શીખીને અટકી ગયા છે તેઓ પ્રાગૈતિહાસિક કાળના આદિમાનવની પરિભાષામાં જ સમાઈ જશે. ભારત જેવા ઘણા દેશો છે કે જેમની પ્રજા નવી ટેકનોલોજીને આત્મસાત કરવાને બદલે રાજકીય ગપ્પાબાજીમાં જિંદગી વેડફે છે. ભારતમાં તો યુવાધન કે જેની તો જિંદગી જ હવે ટેકનોલોજીની આંખે અને પાંખે સવાર છે એ યૌવન અત્યારે તો કોઈ ને કોઈ રાજકીય પક્ષના થર્ડ અને ફોર્થ ક્લાસ કાર્યકર બનીને રસ્તાઓ પર ઠેબાં ખાઈ રહ્યા છે. રાજનેતાઓને આવા મફતના ભાવના મૂર્ખાઓની ફોજની જરૂર હોય છે. નવી પેઢીના એક બહુ મોટા સમુદાયનું આ નેતાઓએ કોણીએ ગોળ લગાડીને નિકંદન કાઢયું છે. આ દાયકામાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જવાનું છે. વિવિધ ક્ષેત્રોમાં જે મીડિયોકર કોમ્યુનિટી અને સબ સ્ટાન્ડર્ડ લોકો છે જેઓ તમામ બે નંબરની પ્રવૃત્તિમાં ઢળી પડે છે તેઓનો આસાન રીતે નિકાલ થશે. કાયદાઓ કડક બની રહ્યા છે અને હજુ વધુ કડક બનવાના છે. સરકારે શિસ્તની પાઠશાળા બહુ ચલાવી, પણ લોકોને ભણતર ચડયું નહીં એટલે હવે દંડ સંહિતાનો આશ્રય લીધો છે. પહેલી નજરે સરકારનો વાંક દેખાય છે. દેશના કોઈ પણ શહેરના કોઈ પણ રસ્તાના ટ્રાફિકનું અવલોકન કરો એટલે ખ્યાલ આવે કે દેશ ક્યાં જઈ રહ્યો છે અને આને ખરેખર શાની જરૂર છે. આ દાયકો ગેરશિસ્ત ધરાવનારાઓને સીધા કરવાનો દાયકો છે. ગેરશિસ્ત એટલે બધા પ્રકારની ગેરશિસ્ત. આજના ભારતની તુલના જો પાછલા દાયકા સાથે કરો તો દંગ થઈ જવાય એટલાં પરિવર્તનો થઈ ગયા છે. સત્તામાં જ નહીં, કાયદા-કાનૂન, વ્યાપાર-ઉદ્યોગ, ટેકનોલોજી, સમાજ જીવન અને રાજનીતિમાં કંઈક ઉથલપાથલ મચી છે ને નવા ઘૂઘવતા પ્રવાહો સ્થાયી થવા લાગ્યા છે. ભારતમાં આ નવા દાયકાની શરૂઆત ફાઈવ-જીના પ્રયોગથી આરંભાયેલી છે. ચીની કંપની હુઆઈ સહિત તમામ ઓપરેટરોને સરકારે આ ટેકનોલોજી અજમાવવાની મંજુરી આપી દીધી છે. થોડા મહિનાઓમાં એનો પ્રભાવ દેખાશે. સ્પેક્ટ્રમની હરાજી દ્વારા વેચાણ પ્રક્રિયા શરૂ થઈ અને એની પૂરી પણ થઈ ગઈ. ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તાનો જયજયકાર થવાનો છે. રોબોટિક્સ અને મશીન લર્નિંગ (એમએલ)નો ઉપયોગ વધવાથી આઈટી સેક્ટરમાં બેરોજગારી વધી છે અને જેઓ દિલથી કામ કરતા નથી અને જરાકેય વિલાસી જીવન વીતાવનારા છે તેમના પર નવપરિવર્તનોને કારણે છટણીની તલવાર લટકી રહી છે. પરિવર્તનની પ્રક્રિયા પીડાદાયક અને અનિવાર્ય હોય છે. હજુ આઈટી ક્ષેત્રમાં બેરોજગારી વધવાની દહેશત છે.

## કોંગ્રેસની હાર ભાજપની જીત કરતાં મોટી વાત છે

ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓનાં પરિણામ ઘણા માટે ચોંકાવનારાં રહ્યાં. કેટલાય ભાજપા સમર્થકોએ પણ આવાં પરિણામોની આશા નહીં રાખી હોય. એવામાં ઉપરછલ્લા આકલનને બદલે તેનું ગહન વિશ્લેષણ જરૂરી છે. આ જનાદેશમાં બંને મુખ્ય પક્ષો માટે બોધપાઠ છે. ત્યાં સુધી કે ધૂંઆધાર જીત છતાં ભાજપ માટે પણ બોધપાઠ છે. ૨૦૧૮ના અંતમાં થયેલ વિધાનસભા ચૂંટણી ઉદાહરણ છે કે તેનાથી સામાન્ય ચૂંટણીની હવાનો અંદાજો નથી મળતો. પહેલાં હિમાચલ અને પછી કર્ણાટકમાં જીત બાદ કોંગ્રેસનો જુસ્સો બુલંદ હતો. તેને કારણે કેટલાય લોકોએ કોંગ્રેસ પર દાવ લગાવવો પણ શરૂ કરી દીધો હતો. તે ઈન્ટરનેટ મીડિયા પર બની રહેલ માહોલથી લઈને ચૂંટણી સંસાધનોના સ્તર પર પણ દેખાઈ રહ્યો હતો. તેને બદલે ભાજપ કંઈક બેકફુટ પર પણ દેખાતી હતી. જ્યાં મધ્ય પ્રદેશમાં તેનો સામનો સત્તાવિરોધી વલણ સામે હતો તો રાજસ્થાન અને છત્તીસગઢમાં ચૂંટણીઓ પહેલાં તેની પાસે મુખ્યમંત્રીના ચહેરાનો અભાવ હતો. જો ભાજપની જીત બહેતરીન રણનીતિનું પરિણામ કહીએ તો કોંગ્રેસની હાર પાછળ રાહુલ ગાંધી જેવા નેતાઓ અને સ્થાનિક નેતૃત્વ અને જમીની કાર્યકર્તાઓ વચ્ચે તાલમેલનો અભાવ જેવાં પાસાં જવાબદાર રહ્યાં. કોંગ્રેસની અધકચરી 'રેવડી' રણનીતિ કર્ણાટકમાં ભલે સફળ રહી હોય, પરંતુ હિંદી પટ્ટીના ત્રણ રાજ્યોમાં ભાજપે તેને ધોબીપછાડ આપી દીધી. આ પરિણામોએ જે કહાની લખી છે, તેમાં ભાજપની જીત એટલી મોટી વાત નથી, જેટલી મોટી વાત કોંગ્રેસની હારની છે. હજુ થોડા મહિના પહેલાં ભલે કોઈ એમ ન કહેતું હોય કે આ ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ જીતી જ જશે, પરંતુ તેના જીતવાની આશા કોઈએ નકારી નહોતી. રાહુલ ગાંધીને પણ વિશ્વાસ હતો કે મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં તો કોંગ્રેસ જીતવાની જ છે, ભલે રાજસ્થાન વિશે તેમને શંકા હોય. પોતાના પમાં જનાદેશ બાદ પણ જો ભાજપ લોકસભા ચૂંટણીઓ પહેલાં પવનની દિશાની અવગણના કરશે તો ભૂલ કરશે. મધ્ય પ્રદેશથી શરૂઆત કરીએ તો તેમાં કોઈ શંકા નહીં કે શિવરાજ સિંહ ચૌહાણના ત્રણ કાર્યકાળ બહુ સારા વીત્યા, પરંતુ તેમના ચોથા કાર્યકાળને લઈને એવો દાવો ન કરી શકાય. પાર્ટી પર તેમની ઢીલી થતી પકડની અસર પ્રદર્શન પર દેખાઈ રહી હતી. ભ્રષ્ટાચારના આરોપ પણ હતા. તેણે સ્થાનિક ઉમેદવારો વિરુદ્ધ વિરોધનો વંટોળ પેદા કર્યો. તેમ છતાં કેન્દ્રીય નેતૃત્વના પ્રયાસો, શિવરાજ સિંહના કરિશ્મા અને જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા કેન્દ્રીય નેતાઓના દમખમ લગાવવાથી ભાજપ દમદાર પ્રદર્શન કરી શકી. મધ્ય પ્રદેશ એ રાજ્યોમાં એક છે, જ્યાં સંઘના પ્રભાવનો આધાર બહુ મજબૂત છે. પીએમ મોદીએ કાર્યકર્તાઓને જૂથબંધ કરીને તેમનો જુસ્સો વધાર્યો. યાદ રહે કે બૂથ સ્તરીય કાર્યકર્તા નિર્ણાયક સાબિત થાય છે. કોંગ્રેસે મધ્ય પ્રદેશમાં કેટલીય ભૂલો કરી. તે સત્તા વિરોધી વલણ અને ભાજપમાં આંતરિક મતભેદના જ ભરોસે રહી. તેનાથી કેટલાય લોકો છટકી ગયા અને પાર્ટીએ વિદ્રોહીઓ સામે ઝઝૂમવું પડ્યું. એ શરૂઆતી જનમત સર્વેક્ષણો અને એ ધારણાથી જ પ્રભાવિત થઈ ગયા કે શિવરાજ સિંહને વધુ એક કાર્યકાળ નથી મળવાનો.

# જે સ્વયં કનકનું એટલે કે નાણાંનું જતન અને સર્જન કરે છે, સમજદારી એ એક સ્ત્રીનું ઘરેણું છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

ખેડૂત એટલે કે જગતતાત એના જીવનમાં મોસમને અનુરૂપ કેટલાએ મોડા આવતા હોય છે, અને દિવસે ને દિવસે પર્યાવરણમાં બધી જ રીતે પ્રદૂષણ ભળતું હોવાથી, ક્યારેક ક્યારેક અતિવૃષ્ટિ અને ક્યારેક દુષ્કાળ, અને એને કારણે ખેડૂતોને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. કોઈવાર તો ખેતી માટે લાવેલ બિયારણના રૂપિયા પણ નીકળતા નથી. દાખલા તરીકે હમણાં જ માવઠું થયું, અને કેટલોય પાક બળી ગયો તો આવા સંજોગોમાં સમજ કઈ રીતે કામ આવે છે, એ આજે જોઈશું. દશરથભાઈ ફળિયામાં ખાટલા પર ગંભીર મુદ્રામાં બેઠા હતા, ફળિયામાં રમતી તેની બાર વરસની દીકરી, સમજુ તેનો મૂડ બદલવાની કોશિશ કરતી હતી. થોડીવારે કનક બેને ફળિયામાં ડોકીયુ કર્યું, તો તેને પણ દશરથભાઈના હાવભાવથી ચિંતા થઈ. બધા જાણતા હતા કે આ દુકાળનું વરસ છે, અને ખેડૂત માટે તો તે બહુ જ કપરું કહેવાય. કારણ કે પૈસાનું પાણી કરી અને બિયારણ લાવીને વાવણી કરી હોય, તેમાં આ વરસાદ પૂરો આવે નહીં તો સૌથી વધુ તકલીફ તો ખેડૂતને જ થાય.એમાં પણ ત્રણ દીકરીના પિતા, બે તો પરણાવવા લાયક થઈ ગઈ હતી. એક ૨૦ ની તો બીજી ૨૨ ની. તેના નસીબમાં દિકરો નહીં હોય એટલે, આઠ વર્ષે દીકરાની આશામાં વળી પાછી દીકરી જ આવી. પણ તેને "સમજુ" પણ બહુ જ વ્હાલી હતી. એવું ન હતું કે દશરથભાઈનું ખોરડું ગરીબ હતું, પણ રૂપિયા પૈસાનું શું છે! આવા એકધારા બે-ત્રણ વર્ષ આવે તો ભલભલાના રૂપિયા ખૂટી જાય. અને એમાં પછી આ બીપી ડાયાબિટીસ જેવી બીમારી આવી હતી,એટલે તેનો દવાનો ખર્ચો પણ આવતો. દશરથભાઈની ઉંમર ૫૦ જેટલી હશે, કોઈ જ વ્યસન નહોતું ઉપરથી ખાનપાન પણ સાદું ! છતાં એને હાર્ટએટેક પણ આવી ગયો હતો એટલે ખેતરો પણ ભાગીયાને ખેડવા આપવા પડતા હતા. તો ગામમાં ઘણા ઘર એવા હતા કે જ્યાં રોજનું ટંક ખાવાનું પણ મહા મહેનતે થતું, એવા ઘરમાં દશરથભાઈની કંઈ ને કંઈ મદદ તો હોય જ. આ બધું તો તે જમણે હાથે કરે તો ડાબા હાથને પણ ખબર ન પડે, એવી સાવચેતી રાખીને કરતા. ક્યાંય વાહવાહી કે અહમ માટે આ કાર્ય થતું નહીં, ફક્ત કરુણાનો ભાવ. પોતાનુ બાળપણ અને જુવાની પણ આમ જુઓ તો ક્યાં આટલી સદ્ધર હતી, અને ક્યારેક તો રાતે ચૂલો પણ સળગતો નહીં.અને મા બિચારી આંસુ સારતી ત્યારે, પરાણે હસીને કહેવું પડતું કે માં આજે તો કરસન કાકાની વાડીમાંથી કાકડી, ટમેટા, મકાઈ, વગેરે ખાઈ લીધું છે એટલે ભૂખ જ નથી. મા પણ જાણતી જ હોય છતાં, પોતાના દીકરાના આ ભાગ્ય પર તેને દુ:ખ થતું. દશરથ ભાઈ આ બધા વિચારમાં મગ્ન હતા ત્યાં જ કનક બેનનો સાદ સંભળાયો એય! હાલો ગરમાગરમ કડક ચા પીવો, એટલે મૂડ સરખો થઈ જશે. એમ કરીને ચા આપી અને બાજુમાં બેસતા બોલ્યા, તમે જરાય ચિંતા કરો નહીં. બધું સારું થઈ જશે, મા અંબા છે ને! એટલું તો આપણું કરશે જ! આપણે ક્યાં કોઈને દુ:ખી કર્યા છે!! અને થોડી ઘણી બીજી વાતો કરી પતિનો મૂડ ઠીક કર્યો.

એ તો બધું ઠીક છે કનક, પણ મૂળ ચિંતા તો એ છે કે ઓણ વરસ સારું ગયું નહીં, નહીં તો આ બંને દિકરી, મંજુ અને સંગીતાના કરિયાવરની તૈયારી કરી લેત, આ એક હુમલો તો આવી ગયો છે, ભગવાન ના કરે ને!! કનક બેન વચ્ચેથી જ બોલ્યા, શુભ શુભ બોલો એવું કંઈ જ થવાનું નથી. અને સાંભળો આ તો તમે બહુ ચિંતા કરો છો ને એટલે કહું છું કે, દીકરીના કરિયાવરની તમે જરાય ચિંતા ના કરતાં, એ બધું જ થઈ ગયેલું છે. દશરથભાઈ આશ્ચર્યથી પત્ની સામે જોયું. શું થઈ ગયું છે!! આ કાંઈ સમજુ ના રમકડાની વાત છે, આખો કરિયાવર ભેગો કરવામાં કેટલા રૂપિયા જોઈએ, તે ખબર છે તને ? કનક બેને પતિ સામે જોઈને કહ્યું હું પોતે પણ એક સ્ત્રી છું, અને આપણા જ્ઞાતિગત રિવાજો પ્રમાણે હું પણ કરિયાવર લઈને આવી હતી, એટલું તો આપણે પણ આપવું જ પડે. એ સમજ તો મને હોય જ ને, શું તમે પણ વાત કરો છો. લો સાંભળો હવે આ, પાંચ વરસ પહેલા ખેતીમાં ખુબ સરસ ધાન પાક્યું, અને કેટલો નફો થયો હતો, તમે મારા હાથમાં રુપિયા મૂકતા બોલ્યા હતા કે નહીં કે, આમાંથી તારે જે દરદાગીના કરાવવા હોય તે કરાવી લેજે. હવે હું શું દર દાગીના પહેરવા જેવડી છું, અને જે છે તે ઘણા છે, એટલે મેં એ રૂપિયા મારા પિતરાઈ ભાઈને વ્યાજે આપી દીધા હતા, જે શહેરમાં વ્યાજનો ધંધો કરે છે. અઠવાડિયા પહેલા જ તેનો ફોન હતો કે, બેન રૂપિયા હવે બાર લાખ ઉપર થઈ ગયા છે, તો હવે શું કરવું છે? દીકરીઓ મોટી થઈ છે તો તમને જરૂર છે કે હજી વધારે કમાવા છે? અને આ વ્યાજનું તો એવું છે ને કે ચાલે તો ચાલે, એટલે મેં એને ના પાડી દીધી કે ભાઈ, હવે મને રૂપિયા જોઈએ છે.તમને આજ કાલમાં કહેવાની જ હતી કે સમજુની પરીક્ષા પતે, એટલે શહેરમાં જઈ અને બંને ના દાગીના ખરીદી લેશું, જેથી રોકડા રૂપિયા વપરાઈ ન જાય, અને એક ધરપત થઈ જાય.

દશરથભાઈ તો પત્નીની સમજ જોઈને આશ્ચર્ય પામી ગયા, માત્ર પચાસ હજાર રૂપિયાના તેણે ૧૨ લાખ રૂપિયા કર્યા. આટલો નફો તો તેને કદી ખેતીમાં પણ થયો નહીં, કારણ પાક થાય ત્યારે પાક ના ભાવ ના આવે, અને ન થાય ત્યારે ભાવ ખૂબ બોલાય, પણ એટલી નીપજ ના હોય.બસ આવા ચકરાવામાં જ ખેડૂતોનું તો જીવન જાય. ત્યાં બેનપણીઓ સાથે રમતી સમજુ આવી અને બોલી બાપુ આજે અમને નિશાળમાં સમજ વિશે એક પાઠ સમજાવ્યો, અને દરેકને તે ઉદાહરણ સાથે કહેવાનું હતું, એટલે મેં પણ તમારું ઉદાહરણ દઈ અને એ શબ્દ બધાને સમજાવ્યો. દશરથભાઈ બોલ્યા બેટા તે ખોટો દાખલો આપ્યો, હવે જ્યારે આવું કંઈ થાય, ત્યારે તારી માનો દાખલો આપજે. મને તો લાગે છે કે તે મારી કરતાં તારી મા વધારે સમજદાર છે.કનક બેન પતિ સામે જોઈને બોલ્યા શું તમે તે વાત કરો છો! શું હું નથી જાણતી કે તમે, આ ગામ માટે, આ ગંગામાં, રઘુ પંડિત અને મગન આ ઉ ઘરે દર મહિને દાણા પાણી મોકલાવો છો, ખેતરમાં પાકે કે ન પાકે, એ કંઈ સમજ છે? તમે આ ગામને પરિવાર માની અને કરી શકતા હો તો, આ તો મારો પોતાનો જ પરિવાર છે, એના માટે તો મારે સમજ દેખાડવી જ જોઈએ ને! અને જુઓ આપણા બંનેની સમજ નુ પરિણામ પણ કેટલુ સરસ આવ્યું છે, આ છોકરીઓ પણ કેટલી સમજુ થઈ છે, અને એમાંય આ નાનકડી તો એના નામ પ્રમાણે જ સમજુ છે. તેને આપણે આગળ ભણાવવાનો નિર્ણય કરીને બહુ મોટી સમજ અદા કરી છે, તેણે બપોરે બપોરે આ બધી સીમમાં કામ કરતી સ્ત્રીઓને અક્ષર જ્ઞાન આપવાનું શરૂ કર્યું છે, અને લગભગ બધી જ સ્ત્રીઓ, પોતાનું નામ લખતા પણ શીખી ગઈ છે, અને અંગૂઠાની બદલે હવે સહી કરે છે. તો લોન અને પેન્શનમાં હવે તેને કોઈ છેતરી નહીં શકે. દશરથભાઈ વારાફરતી બંનેને જોઈ રહ્યા હતાં, અને પોતાની જાતને ધન્ય સમજતા હતા. કારણ કે એક સ્ત્રી એ તેનુ ખોરડું સંભાળ્યું હતું, અને બીજી ભવિષ્યની સ્ત્રી જે તેનો વંશ ઉજાગર કરનારી સાબિત થવાની હતી.

આ વાર્તામાં આમ જુઓ તો બધા એ, પોત પોતાની સમજ અદા કરી છે.દસરથ ભાઈ એ સમાજસેવાની, કનક બેને પરિવાર પ્રેમ માટે સમજ દેખાડી,તો નાનકી સમજુ એ શિક્ષણની અગત્યતા માટે સમજ દેખાડી.ઘર મોટેભાગે આવી સમજથી જ ચાલતાં હોય એવું મને લાગે છે, એટલે સ્ત્રીની સમજ પર લખ્યું. મારી સાંભરણ મુજબ પપ્પાના પરોપકારી સ્વભાવને કારણે મમ્મીને ઘરખર્ચ ના રુપિયા પૂરાં મળતા નહીં ત્યારે મમ્મીની બચતમાંથી વ્યવહાર સચવાઈ જતાં. આમ પણ આ બેકારી, મંદી, અને મોંઘવારીના સમયમાં આવી કેટલીય સ્ત્રીઓની સમજને કારણે ઘર ચાલતું હશે!

# માનવ જીવનમાં અર્થ અને કામ ગૌણ છે અને માનવ જીવનમાં ધર્મ અને મોક્ષએ પ્રધાન છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજકાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે. સંસ્કારનો લોપ થતો જાય છે, એટલે દેશ દુ:ખી છે. અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ, જનોઈ વગેરે સોળ સંસ્કાર છે. જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજકાલ ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું નથી, કેવળ લૌકિકને મહત્ત્વ આપવામાં આવે છે. તે પછી ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારનો વિધિ કરવા આવે છે. સંસ્કારથી મન શુદ્ધ થાય છે, વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે. દામ્પત્યજીવનમાં ધર્મ મુખ્ય છે, તેથી તો પત્નીને ધર્મપત્ની કહે છે. પૈસો અને વિલાસ પ્રથમ નથી, ધર્મ પ્રથમ છે. પૈસો જ સર્વસ્વ છે એમ સમજાવા માંડયું ત્યારથી જીવનમાંથી શાંતિ ગઈ છે. પૈસાને મુખ્ય ગણવાથી સદાચાર ગયો. પૈસા કરતાં વધારે સુખ સંયમ અને સદાચારથી મળે છે. સામ,અર્થ,કામ અને મોક્ષએ ચાર પુરુષાર્થમાં પહેલો ધર્મ છે અને છેલ્લો મોક્ષ છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખ્યા છે એટલે કે અર્થ અને કામ, ધર્મ અને મોક્ષની મર્યાદામાં રહીને મેળવવાં જોઈએ.માનવ જીવનમાં અર્થ અને કામ ગૌણ છે. પરંતુ ધર્મ અને મોક્ષએ પ્રધાન છે.તમારા જીવનમાં ધર્મ અને મોક્ષ ગૌણ બનશે,તો તમારું ગાડું અધોગતિ રૂપ ખાડામાં જશે. પતિ-પત્નીનો સંબંધ વિલાસ માટે નથી, પ્રભુ ભજન કરવા માટે છે. ગૃહસ્થના જીવનમાં ભોગ મુખ્ય નથી, ભગવાન મુખ્ય છે. ગાડું અવળા માર્ગે જાય, એટલે ભગવાન તમારું સંસાર ગાડું ઊથલાવે છે.ગાડાં ઉપર ભગવાનને પધરાવવા જોઈએ, એને ગાડાં નીચે ન રાખવા જોઈએ. યશોદાજીએ અવળું કર્યું. સંસારને માખણ, દહીં, દૂધ વગેરેને ગાડાંમાં રાખ્યાં અને ભગવાનને ગાડાં નીચે રાખ્યા.

તેણે સાંસારિક કાર્યને પ્રાધાન્ય આપ્યું અને ભગવાનને ગૌણ સ્થાન આપ્યું એટલે ગાડું ઉથલ્યું. તમે પણ ગાડા નીચે શ્રીકૃષ્ણને રાખશો તો શકટાસુર ગાડાં ઉપર ચઢી બેસશે. કામ એ શકટાસુર છે,લોભ એ શકટાસુર છે. દહીં-દૂધએ પ્રતીક છે. જેના જીવનમાં શ્રીકૃષ્ણ ગૌણ છે તેના ગાડાં ઉપર શકટાસુર ચડી બેસે છે. શકટાસુર છાતી ઉપર ચડી ન બેસે તેનો એક ઉપાય છે. એક સંતના મત પ્રમાણે શકટાસુરે લીલા કરી ત્યારે ભગવાન ૧૦૮દિવસના હતા તમારી છાતી ઉપર શકટાસુર એટલે કે કામ, ક્રોધ, લોભ વગેરે ચડી બેસે ત્યારે ૧૦૮ મણકાની માળા હાથમાં લેવી અને ભગવાન ના નામની માળા ફેરવવી. શટાસુર હણાયો જ જાણો! ભગવાને ૧૦૮ દિવસ ગણ્યા, તેમ તમે પણ ૧૦૮ ગણો એટલે કે માળા હાથમાં લો અને પ્રભુને મણકે મણકે આત્મ સમર્પણ કરતા જાઓ તો શકટા સુર શાંત થશે. માળા સાથે મૈત્રી ન કરો તો શકટાસુર માથે ચડી બેસશે કામનો વેગ, ક્રોધનો વેગ મેળવવો હોય તો પરમાત્માનો આશ્રય કરવો પડશે. એક દિવસ યશોદાજી બાલકૃષ્ણને ખોળામાં બેસાડી રમાડતાં હતાં. ત્યાં લાલાનું વજન વધતું જાતું લાગ્યું. વધતાં વધતાં લાલો એવો ભારે બની ગયો કે, યશોદાજી શ્રીકૃષ્ણને ત્યાં મૂકી ઘરકામમાં લાગ્યાં. તે વખતે તૃણાવર્ત નામનો રાક્ષસ વંટોળિયાનું રૂપ ધરીને આવ્યો અને શ્રીકૃષ્ણનું હરણ કરી આકાશમાં ચઢી ગયો. ભગવાન એવા ભારે બની ગયા કે તૃણાવર્ત એમને ઝાલી રાખી નયો નહીં, ને ભગવાને જ એને ઝાલ્યો, એવો ઝાલ્યો કે તૃણાલ તાણાવત એમને ઝાલી તૃણનો વંટોળિયોએ તૃણા વર્ત.તૃણાવર્ત એટલે રજોગુણના વંટોળ.કામ અને ક્રોધએ નગુણા પુત્ર છે. રજોગુણ મનમાં આવે એટલે મન ચંચળ થાય. તૃણાવર્ત રૂપી વંટોળિયો આવે બુલે મન ચંચળ થાય, બુદ્ધિ ઈશ્વરથી વિમુખ બને એટલે તૃણાવર્ત આવ્યો એમ કહેવાય. સંસારનું સક્રિય નિહાળવામાં સુખ લાગે એટલે આંખમાં તૃણાવર્ત બેઠો એમ માનવું અને તે પછી ભગવાન દુખાતા બંધ થાય. શ્રીકૃષ્ણ ધીરે ધીરે હવે મોટા થયા. હવે ઘુંટણીએ ચાલતા એ ગૌશાળા માં આવે છે. એક ગાયને ૫-૩ દિવસનો વાછરડો હતો. વાછરડો હમ્મા હમ્મા કરે ત્યારે શ્રીકૃષ્ણ મૈયા મૈયા કરે છે. કનૈયો વાછરડાને છોડતો નથી. ગાયો આનંદમાં વાછરડાને ભૂલી જાય અને વહાલથી કનૈયાને ચાટે છે. શોદાને ખાતરી થઈ કે, ગાયોના આશિષ થી આપણને દીકરો થયો છે. કનૈયો તો ગાયો સાથે રમે. ગાયનું પૂછડું પકડીને કનૈયો ઊભો થવા જાય.આથી તેનું હુલામણું નામ પડયું વત્સપુચ્છાવલંબનમ્ (વાછરડા પૂંછડાનો ટેકો લેનારો). એક વખત યશોદાજી લાલાને ધવડાવતાં તેનું સુંદર મુખ નિહાળે છે. માનો પ્રેમ હોય ત્યારે ભગવાન ખૂબ ધાવે છે. બાળક બહુ ધાવે તો માને ચિંતા થાય છે. વધારે ધાવશે તો અપચો થશે. કનૈયો બહુ ધાવે છે. યશોદાને ચિંતા થાય છે. પ્રભુ કહે છે: હું બહુ ધાવું, પણ તારું દૂધ હું એકલો પીતો નથી. મારા સુખમાં રહેલું સંપૂર્ણ વિશ્વ તેનું પાન કરે છે. તેવામાં શ્રીકૃષ્ણે બગાસું બધું. પ્રભુએ યશોદાને એ મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં! કનૈયો કહે છે,મા તું એકલાને ધવડાવતી નથી.તું સમસ્ત બ્રહ્માંડ ને ધવડાવે છે. ભગવાને સુદામાને અખૂટ સંપત્તિ આપી ત્યારે યમરાજને દુ:ખ થયું. તેણે ભગવાનને કહ્યું કે, સુદામાના નસીબમાં દારિદ્રયનો યોગ છે. તેના ભાગ્યમાં શ્રી ક્ષય: લખ્યું છે. તો આપે સુદામાને માટલું ઐશ્વર્ય કેમ આપ્યું?તમે આવું કરશો તો જગત માં કર્મ મર્યાદા રહેશે નહીં. ત્યારે પ્રભુએ ભરાજાને કહ્યું, જો ભાઈ, હું વેદની કર્મમર્યાદા તોડતો નથી. જે મને જમાડે છે તે સમસ્ત બ્રહ્માંડને જમાડે છે. મૂઠી પૌવા આપી સુદામાએ સમસ્ત બ્રહ્માંડને જમાડયું છે. એ કેમ વૃથા થાય? ખામ ભગવાન કર્મની મર્યાદા તોડતા નથી. યશોદાને પ્રભુએ કહ્યું: મા, તું મને તૃપ્ત કરતી નથી, તમસ્ત બ્રહ્માંડને તૃપ્ત કરે છે. તે પછી ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારનો વિધિ કરવા આવે છે. સંસ્કારથી મન શુદ્ધ થાય છે, વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે. વાચક ચાહક મિત્રો, વાવાઝોડાંની વાતો વચ્ચે અને ચૂંટણી પરિણામો પછી સ્તબ્ધ છે ત્યારે ભગવદ્ જ્ઞાન કંઈક નવું જાણકારી આપે છે



# રણબીર કપૂરે એનિમલ ટીમ સાથે મનાવી સકસેસ પાર્ટી

। મુંબઈ, તા.૫ ।

રણબીર કપૂર, બોબી દેઓલ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ એનિમલ રિલીઝ હાલમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. આ મુવી હાલમાં બોક્સ ઓફિસ પર ધમાલ મચાવે છે. સંદીપ રેડ્ડી વાંગા નિર્દેશિત ફિલ્મ એનિમલને રિલીઝ થવાનું આજે ત્રીજો દિવસ છે. આ ફિલ્મ હાલમાં છપ્પરફાડ કમાણી કરી રહી છે. આ ફિલ્મ જોઈને દર્શકો ખુશ-ખુશ થઈ ગયા છે. આ ફિલ્મના શો હાલમાં સતત હાઉસફૂલ જઈ રહ્યા છે. આ ફિલ્મએ ત્રણ દિવસમાં ૨૦૨.૫ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ ફિલ્મએ અનેક મોટી ફિલ્મોને પાછળ પાડી દીધી છે. આ દરમિયાન કેટલીક તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે. સામે આવેલી તસવીરોમાં અપાર સફળતા પછી રણબીર કપૂર, અનિલ કપૂર, સંદીપ રેડ્ડી વાંગા અને નિર્માતા ભૂષણ કુમાર સાથે જશ્ન મનાવતા જોવા મળ્યા. પરંતુ આ પાર્ટીમાં રશ્મિકા મંદાના નજરે પડી નથી. પાર્ટીની જે તસવીર સામે આવી છે એમાં અનિલ કપૂર, રણબીર કપૂર,સ સંદીપ રેડ્ડી વાંગા અને ભૂષણ કુમાર જોવા મળી રહ્યા છે. આ તસવીરમાં રણબીર કપૂર ઓલ બ્લેકમાં લુકમાં જોવા મળી રહ્યો છે. આ લુકમાં રણબીર એકદમ કુલ દેખાઈ રહ્યો છે. જ્યારે અનિલ કપૂરે પોતાના લુકથી લોકોનું ધ્યાન ખેંચ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે રણબીર અને બોબી દેઓલનો ફાઈટ સીટ ચાલી રહ્યો છે. આ સીન જોઈને થિએટર્સમાં લોકો તાળીઓ અને સીટી વગાડી રહ્યા છે, ત્યારે આ સમયે સુપર એક્સાઈટેડ ક્રેઝી ફેન થિએટર્સમાં ફટાકડા ફોડવા લાગ્યો. વિડીયોમાં ફેન્સ થિએટર્સ હોલમાં એકદમ સ્ક્રીનની આગળ આવીને આતશબાજી કરતો નજરે પડી રહ્યો છે. તમને જણાવી દઈએ કે રણબીર કપૂર અને બોબી દેઓલનો ખુંખાર અવતાર ફેન્સને ડોલાવી દીધા છે. એનિમલ મુવીએ પહેલાં દિવસે ઈન્ડિયન બોક્સ ઓફિસ પર ૫૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. જીટ્ટષ્ઠહૈઙ્ઘ ની શરૂઆતના આંકડાઓ અનુસાર એનિમલ મુવીએ ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ૫૦ કરોડ રૂપિયાથી પણ વધારે કમાણી કરી લીધી છે, જે પછી રણબીર કપૂરની આ ફિલ્મએ ગદર ૨, ટાઈગર ૩ ની પહેલાં દિવસની કમાણીને પાછળ છોડી દીધી છે.



# સલમાનની ૧૦ ફિલ્મો થઈ ફ્લોપ, છતાં ન ઘટ્યું સ્ટારડમ

। મુંબઈ, તા.૫ ।

બોલિવૂડમાં લોકો મોટાભાગે અમિતાભ બચ્ચનને પોતાનો આઈડલ માને છે. આજના કલાકારો જો કોઈ પાસેથી કંઈક શીખવા માંગતા હોય તો તે છે અમિતાભ બચ્ચન. બાળકો અને વડીલોમાં અમિતાભ બચ્ચનની લોકપ્રિયતા એટલી જ છે જેટલી ૪૦ વર્ષ પહેલા હતી. પરંતુ આજે અમે એક એવા કલાકાર વિશે વાત કરવા જઈ રહ્યા છીએ જેણે બોલિવૂડને ન માત્ર ઘણી સુપરહિટ ફિલ્મો આપી પરંતુ તેને બોલિવૂડમાં સ્ટાઈલ સિમ્બોલ પણ માનવામાં આવતું હતું. એક સમય એવો હતો જ્યારે તેમની એક-બે નહીં પરંતુ ૧૦ ફિલ્મો એક પછી એક સુપર ફ્લોપ સાબિત થઈ, પરંતુ આ કલાકારે ક્યારેય હાર ન માની અને તે પછી સુપરસ્ટાર તરીકે ઉભરી આવ્યા. ચાલો આજે અમે તમને આ સ્ટારના જીવનના સૌથી ખરાબ કિસ્સો જણાવવા જઈ રહ્યા છે. વર્ષ ૧૯૮૮માં આવેલી ફિલ્મ 'બીવી હો તો ઐસી'માં સાઈડ રોલથી પોતાના કરિયરની શરૂઆત કરનાર આ સુપરસ્ટાર બીજું કોઈ નહીં પણ બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન છે. સલમાન ખાનનો સૌથી ખરાબ તબક્કો ૧૯૯૧થી ૧૯૯૪ વચ્ચે આવ્યો હતો. તેની છેલ્લી હિટ ફિલ્મ વર્ષ ૧૯૯૧માં આવી હતી જેનું નામ 'લવ' હતું અને ત્યાર બાદ વર્ષ ૧૯૯૪માં ફિલ્મ 'હમ હૈ આપકે હૈ કૌન' આવી હતી. આ બંને ફિલ્મો વચ્ચે સલમાન ખાનની રિલીઝ થયેલી તમામ ફિલ્મો એક પછી એક ફ્લોપ રહી હતી.



# અભિનેત્રી પૂજા બેનર્જી લગ્ન પહેલા ગર્ભવતી થઈ હતી

। મુંબઈ, તા.૫ ।

પૂજા બેનર્જી ૧૫ વર્ષની ઉંમરે ઘરેથી ભાગી ગઈ હતી. આટલું જ નહીં તે લગ્ન પહેલા ગર્ભવતી પણ થઈ ગઈ હતી. વાસ્તવમાં, પૂજા બેનર્જીએ વર્ષ ૨૦૦૪માં તેના પ્રેમી અરુણય ચક્રવર્તી સાથે સાત ફેરા લીધા હતા. લગ્ન પછી તરત જ તેમના સંબંધોમાં ખટાશ આવવા લાગી હતી. બાદમાં બંનેએ ૨૦૧૩માં પરસ્પર સહમતિથી છૂટાછેડા લીધા હતા. પોતાના પહેલા લગ્નના તૂટવાના દુઃખને ભૂલીને પૂજા બેનર્જીએ માત્ર પોતાની કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને 'દેવો કે દેવ મહાદેવ'માં પાર્વતીની ભૂમિકા ખૂબ જ ઉત્સાહથી ભજવી. પૂજાને આ સિરિયલથી ઘણી લોકપ્રિયતા મળી હતી. આ સિવાય તે કસૌટી ઝિંદગીમાં પણ જોવા મળી હતી. તેણે ઘણી યાદગાર ભૂમિકાઓ ભજવી હતી. આ દરમિયાન તેની મુલાકાત ટીવી એક્ટર કુણાલ વર્મા સાથે થઈ હતી. તેમની મુલાકાત પ્રેમમાં બદલાઈ ગઈ. થોડા વર્ષો સુધી ડેટિંગ કર્યા બાદ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો અને ૨૦૨૧માં ગોવામાં લગ્ન કરી લીધા. જોકે, પૂજા તેના પહેલા જ ૨૦૨૦માં માતા બની હતી. તેના લગ્ન અંગે પૂજાએ કહ્યું હતું કે, ''અમે બંગાળી રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા છે. ભલે પરિણીત હોવ અને એક બાળક હોવા છતાં, ફરીથી લગ્ન કરવાથી એક નવી અનુભૂતિ થાય છે. આનાથી અમારા સંબંધોમાં નવી તાજગી આવી છે.' તેણે આગળ કહ્યું, 'અમારા સંબંધોમાં કંઈક નવું છે. ભલે અમારા સંબંધીઓ અમારી સાથે નવપરિણીત યુગલની જેમ વર્તે છે અને અમને ડિનર માટે બોલાવી રહ્યા હોય. અગાઉ તેઓ સંકટ સમયે પણ અમને બોલાવતા ન હતા.

# પૃથ્વીરાજ કપૂર માસી પાસેથી ઉધાર લઈને મુંબઈ આવ્યા હતા

## પહેલા તેમના બાળકો અને હવે પૌત્ર અને ચોથી પેઢી પણ બોલિવૂડમાં દમદાર પાત્ર ભજવીને ધાક જમાવે છે



। મુંબઈ, તા.૫ ।

એક્ટિંગની દુનિયામાં અમુક એક્ટર એવા પણ છે, જેની પેઢીઓ વર્ષોથી ઈન્ડસ્ટ્રીમાં રાજ કરી રહી છે. પહેલા તેમના બાળકો અને હવે પૌત્ર અને ચોથી પેઢી પણ બોલિવૂડમાં દમદાર પાત્ર ભજવીને ધાક જમાવે છે. એવા જ એક એક્ટર વિશે આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ જે માસી પાસેથી ઉધાર લઈને મુંબઈ આવ્યા હતાં. પરંતુ, આજે તે વ્યક્તિના પરિવારે ઈન્ડસ્ટ્રીમાં સૌથી મોટું નામ કમાવ્યું છે. હિન્દી સિનેમાના આ સ્ટાર જેમણે ૧૯૩૧માં પોતાની એક ફિલ્મમાં સાબિત કરી દીધું હતું કે તેઓ ઈન્ડસ્ટ્રીમાં નવો બદલાવ લાવવા જઈ રહ્યા છે. જેણે પોતાના અભિનયથી ઈન્ડસ્ટ્રી પર વર્ષો સુધી રાજ કર્યું. કપૂર પરિવારનો સ્ટાર જેણે પોતાના દરેક પાત્રમાં પ્રાણ ફૂંકી દીધા હતાં. જી નહીં, તે રાજ કપૂર નથી. તે એવી વ્યક્તિ છે કે જેઓ ફિલ્મોમાં કામ કરવા છતાં રંગભૂમિ તરફ વધારે ઝુકાવ ધરાવતા અને ૧૯૪૪માં પૃથ્વી થિયેટરની સ્થાપના કરી હતી. કપૂર પરિવારના મોટાભાગના સભ્યો ફિલ્મી દુનિયામાં જોવા મળ્યા છે. તેમાંથી કેટલાક ફિલ્મી દુનિયામાં સ્થાન બનાવવામાં સફળ રહ્યા પરંતુ બાદમાં તે ગાયબ થઈ ગયાં. પરંતુ અમુક તો એકદમ સફળતાનો સ્વાદ નથી ચાખી શક્યા. પરંતુ આજે અમે વાત કરી રહ્યા છીએ પ્રખ્યાત એક્ટર પૃથ્વીરાજ કપૂરની, જેમણે ૧૯૩૧માં પોતાની પહેલી બોલતી ફિલ્મ 'આલમ આરા'માં સપોર્ટિંગ એક્ટર તરીકે કામ કર્યું હતું. જેમને ૧૯૩૪માં દેવકી બોઝની ફિલ્મ 'સીતા'માં મહત્વની ભૂમિકા ભજવીને પોતાની આગવી ઓળખ મળી હતી. આ ફિલ્મથી તે પોતાની ઓળખ બનાવવામાં સફળ રહ્યો હતો. પૃથ્વીરાજ એ મહાન વ્યક્તિ હતા જેમણે ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો અને આ પરંપરા આજ સુધી પેઢી દર પેઢી ચાલુ છે. તેમને ભારતીય સિનેમાના યુગપુરુષ પણ કહેવામાં આવ્યા હતા. સિનેમાની દુનિયામાં તેમને 'પાપાજી' પણ કહેવામાં આવતા હતા. કહેવાય છે કે તે શરૂઆતથી જ એક્ટિંગમાં કરિયર બનાવવા માંગતા હતા. વર્ષ ૧૯૨૮માં, તેઓ તેમના સપનાને પૂરા કરવા માટે તેમની માસી પાસેથી ઉધાર લઈને મુંબઈ પહોંચ્યા હતાં. કરિયરની શરુઆત કરવું તેમના માટે સરળ નહતું. એક્ટરે તે સમયમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. એક્ટર હોવાની સાથો-સાથ તે એક જાણીતા થિયેટર આર્ટિસ્ટ પણ હતાં. હિન્દી સિનેમામાં પૃથ્વીરાજ કપૂરનું યોગદાન ભાગ્યે જ ભૂલી શકાય. જ્યારે તેઓ મુંબઈ આવ્યા ત્યારે તેમણે થિયેટર આર્ટિસ્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. પરંતુ તેમને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની પ્રથમ તક વર્ષ ૧૯૩૧માં ફિલ્મ 'આલમ આરા'માં સહાયક ભૂમિકા ભજવીને મળી. આ ફિલ્મની એક ખાસ વાત એ હતી કે તે ભારતીય સિનેમાની પ્રથમ બોલતી ફિલ્મ હતી. સ્વર્ગસ્થ અભિનેતા પૃથ્વીરાજ કપૂરે તેમની કારકિર્દીમાં એક પછી એક અનેક શાનદાર પાત્રો ભજવ્યા હતા. , તેણે 'મુગલ-એ-આઝમ', 'આવારા' અને સિકંદર જેવી ફિલ્મોમાં પણ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી.

# એકેડમી મ્યૂઝિયમ ગાલામાં પણ દીપિકા પાદુકોણનો જલવો

## હાલમાં એકેડમી મ્યૂઝિયમ ગાલાનું આયોજન કરવામાં આવ્યુ જેને ઓસ્કાર પછી દુનિયાનું બીજુ સૌથી મોટો મંચ માનવામાં આવે છે



। મુંબઈ, તા.૫ ।

બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણનું નામ બ્રેન વિથ બ્યૂટી હસીનાઓના લિસ્ટમાં શામેલ થઈ ગયુ છે. દીપિકા માત્ર ખૂબસુરત એક્ટ્રેસ નથી, પરંતુ ખૂબ ટેલેન્ટેડ પણ છે. પોતાની એક્ટિંગ સ્કિલ્સ અને કાતિલ લુકથી દીપિકા બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધીની ફિલ્મોમાં પોતાનું નામ રોશન કરી લીધુ છે. જો કે હવે દીપિકાએ પોતાની ટેલેન્ટને લઈને ભારતને ગૌરવાન્વિત હોવાનો મોકો આપ્યો છે અને આવું કરીને એક્ટ્રેસે પોતાના નામે મોટી ઉપલબ્ધિ હાંસિલ કરી લીધી છે. હાલમાં એકેડમી મ્યૂઝિયમ ગાલાનું આયોજન કરવામાં આવ્યુ જેને ઓસ્કાર પછી દુનિયાનું બીજુ સૌથી મોટો મંચ માનવામાં આવે છે. આ ઈવેન્ટમાં અનેક હોલિવૂડ સિતારાઓએ રેડ કાર્પેટ પર પોતાનો જલવો બતાવ્યો હતો. આ ઈવેન્ટમાં બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ પણ સામેલ થઈ. આમ, દીપિકા પાદુકોણ એકેડમી મ્યુઝિયમ ગાલામાં શામેલ થનારી પહેલી ઈન્ડિયન એક્ટ્રેસ બની ગઈ છે.

દીપિકા પાદુકોણે ફરી એક વાર આપણાં દેશનું નામ રોશન કરી દીધુ છે. આ પહેલાં એક્ટ્રેસે આ વર્ષની શરૂઆતમાં ઓસ્કારમાં ઈન્ડિયન ગીતને પ્રેજન્ટ કરવા માટે ઈતિહાસ રચી દીધો હતો. દીપિકાએ એકેડમી મ્યૂઝિયમ ગાલાની ઉપલબ્ધિ સિવાય એનો લુક પણ ખૂબ ચર્ચામાં રહ્યો. આ દરમિયાન દીપિકા પાદુકોણે બ્લૂ કલરનું વેલવેટ ગાઉન પહેર્યુ હતુ. ડ્રેસની સાથે એક્ટ્રેસે ડાયમંડ જ્વેલરી પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો. દીપિકાની આ વાતથી ફેન્સ ખુબ ખુશ થઈ ગયા છે. દીપિકાના વર્કફ્રન્ટની વાત કરીએ તો દીપિકા જલદી ઋતિક રોશનની સાથે ફાઈટર ફિલ્મમાં જોવા મળશે. આમ, વાત કરવામાં આવે તો દીપિકાનું સોશિયલ મિડીયામાં ફેન ફોલોઈંગ પણ ઘણું વધારે છે. સામાન્ય રીતે દીપિકાની તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થતા હોય છે. જો કે દર્શકો દીપિકાને ઋતિક રોશન સાથે જોવા ઈચ્છે છે. આમ આ મુવી ક્યારે રિલીઝ થશે એ વાતને લઈને હાલમાં ચારેબાજુ ચર્ચાઓ ચાલી રહી છે.

# જાહ્નવીએ ધડકનું ગીત ઝિંગાટ પર સાડીમાં લગાવ્યા જોરદાર ઠુમકા

। મુંબઈ, તા.૫ ।



જાહ્નવી કપૂરની પહેલી ફિલ્મ ધડકનું ગીત ઝિંગાટ હાલમાં લોકોનું ફેવરેટ સોન્ગ બની ગયુ છે. જાહ્નવી કપૂર આમ પણ ડાન્સ મુવ્સ કરવા માટે જાણીતી છે. આ ઈવેન્ટમાં ગીત વગાડવામાં આવ્યુ અને ફેન્સની સાથે-સાથે ફોટોગ્રાફર્સ પણ આ ગીત પર ડાન્સ કરવા લાગ્યા. જાહ્નવી ખુશી-ખુશીથી આ ગીત પર નાચવા લાગી અને લોકો જોતા રહી ગયા. જો કે આ ડાન્સમાં જાહ્નવીના સ્ટેપ્સ જોઈને પણ તમે ખુશ થઈ જશો. જાહ્નવીના આ મસ્ત ડાન્સ પર લોકો ફિદા થઈ ગયા હતા. આ ડાન્સ જોઈને લોકોએ ફરીથી ડાન્સ કરવાની રિકવેસ્ટ કરી હતી. આ સમયે જાહ્નવી હસી અને પછી ફરીથી ડાન્સ કરવા માટે ના પાડી. આ વિડીયો અને તસવીરો હાલમાં ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહી છે. પીળા રંગની ફ્લોરલ પ્રિન્ટ સાડીમાં જાહ્નવી કપૂર સુપર ક્યૂટ લાગી રહી હતી. આ લુકમાં ચોકર અને ખૂબસુરત ડ્રોપ ઈયરરિંગ્સ અને બંગડીઓ પહેરીને પ ોતાનો લુક કમ્પ્લીટ કર્યો. સોશિયલ મિડીયામાં જાહ્નવીનો આ ડાન્સ ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જાહ્નવી કપૂરનો આ લેટેસ્ટ વિડીયો હાલમાં ધૂમ મચાવે છે. શનિવારના રોજ ઈન્સ્ટાગ્રામ પર એક પિનસ્ટ્રાઈપ્ડ પારસૂટમાં પોતાની તસવીરો શેર કરી જેમાં એને પોતાના ફોલોઅર્સને એક ક્લાસિક બોસ વેબ સ્ટાઈલ આઈડિયા શો કર્યો. આ સાથે કેપ્શનમાં લખ્યુ છે કે..ઓવરથિંકિંગ ના સીઈઓ.. જાહ્નવી કપૂરના વર્કફ્રન્ટની વાત કરીએ તો નિતેશ તિવારી સાથે રોમેન્ટિક ડ્રામા ફિલ્મ બવાલમાં વરુણ ધવનની સાથે જોવા મળી હતી. જાહ્નવી કપૂર જલદી હવે રાજકુમાર રાવ સાથે મિસ્ટર એન્ડ મિસેજ માહીમાં જોવા મળશે. શરણ શર્મા દ્વારા નિર્દેશિત અને કરણ જોહર દ્વારા નિર્મિત આ ફિલ્મ ૧૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. આ સિવાય જાહ્નવી એક તેલુગુ ફિમ દેવારામાં પણ પોતાની ભૂમિકા નિભાવશે. આમ, વાત કરવામાં આવે તો જાહ્નવીની સ્ટાઈલ પર અનેક લોકો ફિદા છે. જાહ્નવીનો ફેન્સ વર્ગ બહુ મોટો છે. ઘણાં બધા લોકો એવા છે જે જાહ્નવીની સ્ટાઈલ અને ફેશનને કોપી પણ કરતા હોય છે.

### ૧૦૮ની વીજળીક કામગીરી

# ઝારખંડ જતી મોરબીની શ્રમિક સગર્ભાને રાજકોટ જંકશન પર જ ત્વરિત પ્રસુતિ થકી બાળકનું રેલવે પ્લેટફોર્મ પર અવતરણ



। રાજકોટ, તા.૫ ।

શ્રી ઈડિયટ્સ ફિલ્મમાં જે રીતે રેન્ચો ઈમર્જન્સી પ્રસુતિમા સહાયરૂપ બને છે તેવો જ એક કિસ્સો રાજકોટ રેલવે જંકશન પર બન્યો હતો. જેમાં પ્રસૂતા મહિલાને ૧૦૮ ની ટીમ અને રેલવે મહિલા પોલીસે સ્ટેશન પર જ પ્રસુતિ કરાવી હતી. પ્રસૂતાને અચાનક પીડા ઉપડતાં પ્લેટફોર્મ પર જ તેમને કપડાથી કોર્ડન કરી સફળ પ્રસુતિ કરાવી નવજાત બાળનું પ્લેટફોર્મ પર અવતરણ કરાવાયું હતું.

આ અંગે ૧૦૮ના પ્રોજેક્ટ મેનેજરશ્રી ચેતન ગાધેએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે.... આપત્તિ અને મુશ્કેલીના સમયમાં ૧૦૮ ની સેવાઓ આકસ્મિક સંજોગોમાં અનેકવાર જીવનદાયક સાબિત થતી રહી છે. અને વિકસિત ભારતનું શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે સ્થાપિત થતી આવી છે. રેલ્વે પોલીસને ૧૦૮ માંથી ઈમરજન્સી માટે કોલ આવ્યો કે રાજકોટ જંકશનમાં એક સગર્ભા મહિલા રેલ્વે પ્લૅટફૉર્મ પર પીડાય છે, આથી મહિલા રેલ્વે પોલીસના કોન્સ્ટેબલ અશ્વિન સરવૈયા અને એમની મહિલા પોલીસની ટીમ યુદ્ધના ધોરણે કામે લાગી ગઈ. ત્વરીત પ્રતિસાદ સાથે રેલવે સ્ટેશન ઉપર ૧૦૮ સેવા ના કર્મચારીઓ આવ્યા અને જરૂરી સામગ્રી અને દવાઓ સાથે પ્લેફોર્મ ઉપર દોટ મુકી અને સગર્ભા માતાને તપાસ કરી તો જાણવા મળ્યું કે સગર્ભાની પ્રસુતિ સ્થળ ઉપર કરવી પડે એવી સ્થિતિ છે, એટલે ૧૦૮ના ઇ.એમ.ટી મયુર ચૌહાણ અને પાઈલોટ પ્રકાશ નિમાવત સગર્ભા માતાને નજીકમાં સલમાત સ્થળ ઉપર લઈ આવ્યા અને રેલ્વે મહિલા પોલીસના સહકારથી કોન્સ્ટેબલ કીર્તિબેન, પ્રિયંકાબેન, મંજુબેન, કાજલબેન વગેરે સાથે મળીને સગર્ભાની ગરિમા જળવાય રહે એ રીતે તમામ અન્ય પ્રવાસીઓને દૂર કરી કપડાં વડે આડશ ઉભી કરી અને ૧૦૮ ની ટીમે સ્થળ પર જ સફળ પ્રસૂતિ કરાવી હતી. અને માતાને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી, ત્યા ફરજ પરનાં ડોકટરોએ માતા અને નવજાત શિશુ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરી હતી.

# માળીયાહાટીનાના દુધાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત



। જૂનાગઢ, તા.૫ ।

માળીયાહાટીનાના દુધાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું યાત્રાના ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રસંગોચિત સંબોધન કરતા કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સાથે જ તેમના હસ્તે યોજનાકિય સહાયનું કરવામાં આવ્યુ હતું. ઉપરાંત કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતાં. સાથે જ જુદા જુદા વિભાગના કર્મચારીઓએ પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. અંતમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે ગ્રામજનોએ પ્રતિજ્ઞા લીધી હતી. આમ, પાત્રતા ધરાવનાર તમામ લોકોને જન્મ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તે દિશામાં કાર્યવાહી કરવામાં આવી હતી.

# ઝાલોદ નગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યાથી પૂજન થઈ આવેલ કુંભની પૂજા કલામંદિર ખાતે કરાઈ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૫ ।

અયોધ્યામાં બની રહેલ ભગવાન શ્રી રામના પુનઃપ્રતિષ્ઠા મંદિર માટે અયોધ્યાથી આવેલા પ્રસાદ અક્ષત ( ચોખા)કળશ પૂજન કાર્યક્રમ નગરના પૌરાણિક મંદિર કલામંદિર ખાતે તારીખ ૦૪-૧૨-૨૦૨૩ ના રોજ રાત્રીના ૮ વાગે સહુ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા કરવામાં આવેલ હતી.

ભારતનું ગર્વ એવું શ્રી રામના મંદિરની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ ૨૨ જાન્યુઆરી એ યોજવામાં આવનાર છે તેની તડામાર તૈયારીઓ પણ સમગ્ર ભારતમાં તેમજ વિશેષ અયોધ્યામાં ચાલી રહેલ છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શ્રી રામ મંદિરની ભવ્ય પ્રતિષ્ઠાને ઐતિહાસિક બનાવવા હેઠળ તેમજ સમગ્ર ભારતને રામમય બનાવવા માટે વિવિધ કાર્યક્રમો જિલ્લા, તાલુકા તેમજ ગ્રામીણ ક્ષેત્રે કરવામાં આવનાર છે. ઝાલોદ નગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યા થી આવેલ પવિત્ર અક્ષત લઈ જઈ નગરના દરેક હિન્દુના ઘરે જઈ રામ મંદિર અયોધ્યામાં દર્શન માટે પધારવા માટે ૦૧-૦૧-૨૦૨૪ થી ૧૫-૦૧-૨૦૨૪ સુધી વિશ્વ હિન્દુ પરિષદના સ્વયંસેવકો નીકળનાર છે.

# ગિરનારની લીલી પરિક્રમાના રૂટ પર વધુ ૭.૫ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરાયો



। જૂનાગઢ તા.૫ ।

જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢ તળેના ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાં ચાલુ વર્ષે ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૩ અંતર્ગત પરિક્રમામાં આવેલ શ્રધ્ધાળુઓ દ્વારા પરિક્રમા રૂટના જંગલ વિસ્તારમાં ફેંકવામાં આવેલ પ્લાસ્ટિક તથા કચરાના નિકાલ માટે નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢની સુચના અને માર્ગદર્શન હેઠળ આજ રોજ પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ડુંગર દક્ષિણ પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં આવતા બોરદેવી ગેઈટ થી ખોડીયાર ઘોડી સુધીના પરિક્રમા રૂટ પર વન વિભાગના ૧૫ મજુરો દ્વારા ૭૦૦ કિ.ગ્રા. તેમજ બોરદેવી રાઉન્ડના તમામ વિસ્તારમાં પરિક્રમા રૂટ પરથી હ્યુમિનિટી ફર્સ્ટ, જૂનાગઢના ૨૦ લોકોએ ૩૫૦ કિ.ગ્રા., ભારત વિકાસ પરિષદ, માણાવદરના ૨૦ લોકોએ ૪૦૦ કિ.ગ્રા., નેચર ફર્સ્ટ, જૂનાગઢના ૫૦ લોકોએ ૯૦૦ કિ.ગ્રા., જેઠીમાનો મઢ, કેશોદના ૩૦ લોકોએ ૬૦૦ કિ.ગ્રા., રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના ૭૫ લોકોએ ૮૦૦ કિ.ગ્રા., ગિરનારી ગ્રુપ, જૂનાગઢના ૨૦ લોકોએ ૨૦૦ કિ.ગ્રા., નિસર્ગ નેચર એન્ડ એડવેન્ચર, જામનગર અને વન વિભાગના મજુરો મળી ૩૫ લોકોએ ૪૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરતા આજ રોજ ઉકત બંને વિસ્તારોમાંથી કુલ ૪.૩૫ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

# જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને રખડતાં ઢોર નિયંત્રણ માટે ચીફ ઓફિસર્સ સાથે બેઠક યોજાઇ

### ત્રણ દિવસમાં પાંચ હજાર ઢોર પકડવા ચીફ ઓફિસર્સને આદેશ આપતા જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલ

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૫ ।

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતાં ઢોરોને પકડવા માટે નક્કર અને સંકલિત પગલાં લઈ અસરકારક કાર્ય કરવા માટે નિર્દેશો આપવામાં આવેલ છે. જે સંદર્ભે બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલે બનાસકાંઠા જિલ્લાના તમામ ચીફ ઓફિસર્સ સાથે બેઠક યોજી રખડતા ઢોરની સમસ્યાને નિયંત્રિત કરવા સ્પષ્ટ આદેશ આપ્યો હતો. શહેરી વિસ્તારમાં પશુત્રાસ અટકાવવા અને નિયંત્રણ માટે કડક શબ્દોમાં આદેશ સાથે નગરપાલિકા વિસ્તારમાંથી નગર પાલિકા દ્વારા પકડવામાં આવતા ઢોરને ગૌશાળા અને પાંજરાપોળમાં રાખવામાં આવે, નિયમિત રીતે ઢોર પકડવાની કામગીરી સુચારૂ રીતે થાય તેમજ નગરપાલિકા પ્રમાણે અલગ જગ્યા સુનિશ્ચિત કરી ઢોરને રાખવા માટે કલેકટરશ્રીએ તાકીદ કરી હતી. રાહદારી અને નિર્દોષ લોકો રખડતા ઢોરનો ભોગ ન બને એની તકેદારી જવાબદાર વિભાગ રાખે એમ જણાવી આ કામગીરીમાં બેદરકારી દાખવનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે એમ કલેકટરશ્રીએ સ્પષ્ટ કહ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી વરુણ કુમાર બરનવાલે તમામ ચીફ ઓફિસરોને આગામી ત્રણ દિવસમાં પાંચ હજાર રખડતાં ઢોર પકડવાની સ્પષ્ટ સૂચના આપતાં વિવિધ નગર પાલિકા વિસ્તારમાંથી પકડવામાં આવતા રખડતા ઢોરને પકડીને ગૌશાળા કે પાંજરાપોળમાં રાખવામાં આવે એવી વ્યવસ્થા નક્કી કરવા માટે અને આ સમસ્યા ગંભીર હોઈ સત્વરે યોગ્ય પગલાં લેવા તાકીદ કરી હતી. કલેકટરશ્રીના આદેશને પગલે અત્યાર સુધીમાં શહેરી વિસ્તારમાં પાંચસો રખડતાં ઢોર પકડવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનું ચીફ ઓફિસર્સ દ્વારા જણાવવામાં આવ્યું હતું. જ્યારે કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલે આ બાબતને ગંભીર ગણી ઢોર પકડવાની કામગીરી અભિયાન રૂપે ઉપાડી આગામી ત્રણ દિવસમાં પાંચ હજાર કરતાં વધારે ઢોર પકડવા આદેશ આપ્યો હતો.

# આયુષ્યમાન કાર્ડ થકી બદરખાના રમેશભાઈએ પત્નીના વર્ષો જૂના ઢીંચણના દુઃખાવાનું ઓપરેશન કરાવ્યું મફતમાં

### આયુષ્યમાન કાર્ડ અમારા જેવા દેશના અનેક પરિવારો માટે 'મેડિકલ ગેરંટી કાર્ડ' છે : રમેશભાઈ નાયક



। ધોળકા, તા.૫ ।

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) દેશના લાખો ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે સંજીવની સાબિત થઈ રહી છે. ગંભીર બીમારીઓની સારવાર માટે રૂપિયા ૫ લાખનું આરોગ્ય કવચ પૂરું પાડતી આ યોજના હેઠળ આપવામાં આવતું આયુષ્યમાન કાર્ડ દેશભરના લાખો પરિવારો માટે 'સંજીવની કાર્ડ' સાબિત થઈ રહ્યું છે. વધુમાં, ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આ યોજનાની સહાયમાં વધારો કરીને આયુષ્યમાન કાર્ડ અંતર્ગત ૧૦ લાખ સુધીની આરોગ્ય સહાય પૂરી પાડવામાં આવે છે. ધોળકા તાલુકાના બદરખા ગામના રમેશભાઈ નાયક પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થી છે. તેમના પત્નીને આ યોજના હેઠળ મળેલા આયુષ્યમાન કાર્ડ થકી વર્ષો જૂના ઢીંચણના દુઃખાવામાંથી ઓપરેશન થકી રાહત મળી છે. રમેશભાઈ નાયકે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને તે અંતર્ગત પોતે મેળવેલા લાભ વિશે જણાવ્યું કે, ૧૦ વર્ષથી મારા પત્નીને ઢીંચણનો અસહ્ય દુઃખાવો હતો. ઘણી બધી સારવાર બાદ પણ પીડામાં કંઈ ફરક ન પડ્યો. જાણવા મળ્યું કે, ઢીંચણના ઓપરેશન દ્વારા આ પીડામાંથી રાહત મળી શકે છે. અમારી આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવાથી અમે આ ઓપરેશન કરાવી શકીએ તેમ નહોતા. અમને ગામમાંથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંગે જાણવા મળ્યું. ત્યારબાદ મારા પત્નીનું આયુષ્યમાન કાર્ડ કઢાવ્યું. અમારું આયુષ્યમાન કાર્ડ સરળતાથી નીકળી ગયું. આ કાર્ડ દ્વારા સુરતમાં મારા પત્નીનું મફતમાં ઢીંચણનું ઓપરેશન થઈ ગયું અને કોઈ જ રકમ ચૂકવવી પડી નહિ.

# શિક્ષણરાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ દત્તક લીધેલી કામરેજ તાલુકાનાં લાડવી ગામની બે દીકરીઓને મળશે પાકું ઘર

### શિક્ષણ રાજ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સંજના અને વંશિકાના હસ્તે મકાનનું ખાતમુહૂર્ત

। સુરત, તા.૫ ।

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના લાડવી ગામ સ્થિત હળપતિવાસમાં રહેતી માતા-પિતાની છત્રછાયા વિહોણી બે આદિવાસી દીકરીનો આધાર બની શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ બંને દીકરીઓને દત્તક લીધી છે, તેમના શિક્ષણ અને ગુજરાન માટેની તમામ જવાબદારીઓ પણ પોતાના શિરે લઈને માનવીયતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. ૮ વર્ષીય સંજના રાઠોડ અને ૬ વર્ષીય વંશિકા રાઠોડ નામની આ દીકરીઓ વૃદ્ધ દાદા સાથે જીર્ણશીર્ણ ઝૂંપડીમાં રહેતી આ અનાથ દીકરીઓની સ્થિતિ જોઈને તેમના માટે પાકા મકાનની સુવિધા ઉભી કરવાનો નિર્ધાર કર્યો હતો, જેના અનુસંધાને આજે મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ બંને દીકરીઓના હસ્તે જ પાકા મકાનનું ખાતમુહુર્ત કરાવ્યું હતું. મકાન ખાતમુહૂર્તની આ ભાવવાહી ક્ષણે સમગ્ર લાડવી ગામ સહભાગી થયું હતું અને મંત્રીશ્રીના માનવતાભર્યા અભિગમને બિરદાવતા તમામ ગ્રામજનોની આંખો ભીંજાઈ હતી. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ હર્ષ વ્યક્ત કરતા કહ્યું કે, પાકું મકાન બનાવી બંને દીકરીઓ અને વૃદ્ધ દાદા માટે છત્રછાયા કરવાનો સંકલ્પ કર્યો હતો, જે મકાનના ખાતમુહૂર્ત થતા જ ઝડપભેર સાકાર થશે. ઉપરાંત, સંજના અને વંશિકાના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રત્યેક દીકરી દીઠ રૂ.૫.૨૫ લાખ એમ કુલ રૂ.૧૦.૫૦ ની ફિક્સ ડિપોઝીટ પણ મૂકી દેવામાં આવી છે. હળપતિ સમાજની માતાપિતાવિહોણી આ દિકરીઓના શિક્ષણથી લઈને જીવનજરૂરી તમામ જવાબદારીઓ નિભાવવા અને 'સેવા પરમો ધર્મ'ને સાર્થક કરવામાં નિમિત્તમાત્ર બન્યો તેનો આનંદ છે એમ તેમણે ઉમેર્યું હતું.

સમાજ માટે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડનાર શિક્ષણમંત્રી અગાઉ પણ વંચિતો, પીડિતો માટે અનેકવિધ સમાજલક્ષી કાર્યો કરીને ખરા અર્થમાં જનપ્રતિનિધિ બન્યા છે.

# ઉમરગામના વંકાસ ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચતા ગ્રામજનોને વિવિધ યોજનાના લાભોનું વિતરણ કરાયુ

। વલસાડ, તા.૫ ।

કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકોને મળે તેમજ લોકોને આ યોજનાઓની જાણકારી મળી રહે તેવા આશય સાથે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ગામેગામ ફરી રહી છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના વંકાસ ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" આવી પહોંચતા ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. રથનું કુમકુમ તિલક અને નાળિયેર વધેરીને ઉમેળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી પાટકરે ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા જણાવી કહ્યું કે, કેન્દ્ર સરકારની ૩૭૫ અને રાજ્ય સરકારની ૨૪૧ યોજનાઓ છે જેમાંથી મોટે ભાગે લોકો આવાસ, આયુષ્યમાન કાર્ડ, અન્ન યોજના, ઉજ્જવલા યોજના અને વિધવા યોજના જેવી યોજનાનો લાભ લે છે તે સારી વાત છે પરંતુ સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ માટે આ સિવાય પણ અનેક યોજનાઓ છે કે જે યોજનાઓનો લાભ લેવાથી જીવન સરળ બની શકે છે અને આર્થિક રીતે મદદ મળી રહી છે પરંતુ તે માટે સરકારની યોજનાઓ વિશે માહિતગાર હોવું જરૂરી છે. એવી અનેક યોજનાઓ છે કે, જેની ખબર હોતી નથી. આ યાત્રા એટલા માટે જ ગામે ગામ ફરી રહી છે કે, જેથી ગ્રામજનોને સરકારની યોજનાના લાભ મળે અને વિકસિત ભારતનું સપનું સાકાર થાય. બાળકો વિકસિત ભારતનું ભવિષ્ય છે તેઓ માટે પણ સરકારની દૂધ સંજીવનીથી માંડીને અનેક યોજના છે.

વધુમાં ધારાસભ્યશ્રીએ દરેક લોકોમાં દેશભક્તિની ભાવના પ્રબળ બનાવવા પર ભાર મુકી સરકારની યોજનાનો લાભ લેવા આહવાન કર્યુ હતું. લાકડા ન કાપી ઓક્સિજન માટે જંગલનો ઉછેર કરવા અને ઉજ્જવલા યોજનાનો લાભ લેવા તેમણે જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલૅટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો. નવો કામ શરૂ કરવા માટે, તમારે પહેલા તેના વિશે અનુભવી લોકો સાથે વાત કરવી જોઈએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. તમારા બૉસને તમારા બહાનામા રસ નહીં પડે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલીમાંથી બહાર આવી શકો છો?

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. ઘરના બાકી રહેલા કામ આટાપવા માટે તમારા જીવનસાથી સાથે વ્યવસ્થા કરો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. નોકરો,સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેતા નહીં ખાસ કરીને શરાબ ટાળજો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

## ન્યૂઝ બ્રિફ

### ૧૦ વર્ષમાં ૧૦ નંબરેથી ૩જા નંબરની આર્થિક તાકાત બન્યા

। સિંધુદુર્ગ, તા.૫ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે નૌકાદળ દિવસની ઉજવણી નિમિત્તે મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ, મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત અનેક અધિકારીઓએ ભાગ લીધો હતો. પોતાના સંબોધનમાં એમણે જાહેરાત કરી હતી કે, 'હવેથી ભારતીય નૌકાદળમાં અધિકારીઓને રેંક ભારતીય સંસ્કૃતિ અનુસાર આપવામાં આવશે. આપણા સંરક્ષણ દળોમાં મહિલા શક્તિમાં વધારો કરવા પણ અમે વિચારી રહ્યા છીએ. નૌસેના જહાજ પર દેશની પ્રથમ મહિલા કમાન્ડિંગ ઓફિસરને નિયુક્ત કરવા બદલ હું નૌકાદળને અભિનંદન આપું છું.' આપણા વારસા પર ગર્વની ભાવના સાથે મને બીજી જાહેરાત કરતા ગર્વ થાય છે. ભારતીય નૌકાદળ હવે ભારતીય પરંપરાઓને અનુરૂપ તેની રેંકનું નામ આપવા જઈ રહી છે. અમે સશસ્ત્ર દળોમાં અમારી મહિલા શક્તિની સંખ્યા વધારવા માટે પણ પ્રયાસો કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે આજનું ભારત પોતાના માટે મોટા લક્ષ્યો નક્કી કરી રહ્યું છે અને તેને હાંસલ કરવા માટે પોતાની તમામ તાકાતનો ઉપયોગ કરી રહ્યું છે. ભારત પાસે આ લક્ષ્યો હાંસલ કરવાની મોટી ક્ષમતા છે.

### મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ સામે આવ્યું

। મહેસાણા, તા.૫ ।

મહેસાણામાં ૩૦૦ જેટલા કુટુંબ નિયોજનના ઓપરેશન થયા પણ કોના થયા ખબર નથી! કોનું ઓપરેશન થયું એની વિગતો નહિ પણ આંકડા આપી દેવાયા છે. મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. લાખવડી ભાગોળ અર્બન હેલ્થ સેન્ટર અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે ચાલતું આ કૌભાંડ પકડાયું છે. બહુચર્ચિત બન્યું છે. લાખવડી ભાગોળ અને નાગલ પુર અર્બન હેલ્થ સેન્ટરનું કૌભાંડ પકડાયું છે. જેમાં ૧૦ જેટલી મહિલા હેલ્થ વર્કરને નોટિસ ફટકારવામાં આવી છે. કુટુંબ નિયોજનના ખોટા આંકડા આપવા માટે નોટિસ અપાઈ છે. હેલ્થ વર્કર્સે કુટુંબ નિયોજનના ઓપરેશના ૩૦૦ આંકડા આપ્યા, પરંતુ ડેટામાં કોઈનું નામ સામેલ નથી. મહેસાણામાં ૩૦૦ જેટલા કુટુંબ નિયોજનના ઓપરેશન થયા પણ કોના થયા ખબર નથી! કોનું ઓપરેશન થયું એની વિગતો નહિ પણ આંકડા આપી દેવાયા છે. મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. લાખવડી ભાગોળ અર્બન હેલ્થ સેન્ટર અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે ચાલતું આ કૌભાંડ પકડાયું છે.

### ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે આંધ્ર પ્રદેશ સાથે ટકરાશે

# મિચોંગ વાવાઝોડાના લીધે ચેન્નઇમાં પૂર, આઠના મોત

### તમિલનાડુની રાજધાની ચેન્નઈમાં પૂર જેવી સ્થિતિ છે જ્યારે રાજ્યની નદીઓમાં વરસાદના કારણે પૂરની સ્થિતિ પેદા થઇ છે



। નવી દિલ્હી, તા.૫ ।

આંધ્રપ્રદેશના સીએમ વાયએસ જગનમોહન રેડ્ડી પણ વાવાઝોડાને લઈને સતત બેઠકો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બાપટલા કલેક્ટર કચેરીએ સ્થાનિક લોકોની સુરક્ષા અને રાહત કાર્ય માટે તમામ જરૂરી પગલાં લીધા છે. ચક્રવાતના કારણે અધિકારીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૨૪ કલાક સંકલન અને પરિસ્થિતિની દેખરેખ માટે કંટ્રોલ રૂમની સાથે મેડિકલ કેમ્પ પણ ગોઠવવામાં આવ્યા છે. **NDRF** એ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પુડુચેરી માટે ૧૮ ટીમો તૈનાત કરી છે. ૧૦ વધારાની ટીમો પણ તૈયાર રાખવામાં આવી છે. ચક્રવાતી વાવાઝોડું મિચોંગ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું છે અને તે ઝડપથી દરિયાકાંઠાના વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યું છે. **Zoom Earth Live** વેબસાઈટ અનુસાર, આ વાવાઝોડું ઝડપથી આગળ વધી રહ્યું છે અને તે થોડા કલાકોમાં બાકીના દરિયાકાંઠાના વિસ્તારોમાં પહોંચવાની આશા છે. તમિલનાડુમાં મિચોંગના કારણે ભારે વરસાદથી સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. તમિલનાડુની રાજધાની ચેન્નઈમાં પૂર જેવી સ્થિતિ છે જ્યારે રાજ્યની નદીઓમાં વરસાદના કારણે પૂરની સ્થિતિ પેદા થઈ છે. વરસાદને કારણે તમિલનાડુની કૂવમ નદીમાં પાણીનો પ્રવાહ ખૂબ જ મજબૂત બન્યો છે અને તે કાંઠેથી ખૂબ જ ઝડપથી વહી રહ્યો છે. આંધ્રપ્રદેશના બાપટલા ચક્રવાત પહોંચે તે અગાઉ જ વરસાદ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં ખૂબ જ ભારે વરસાદ પડી રહ્યો છે. મિચોંગ રાજ્યના દક્ષિણ કિનારે નેલ્લોર અને મછલીપટ્ટનમ વચ્ચે બાપટલા નજીક લેન્ડફોલ કરે તેવી અપેક્ષા છે. હવામાન વિભાગે ૪ અને ૫ ડિસેમ્બરે ઉત્તર-તટીય તમિલનાડુ અને પુંડુચેરીમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. ૪ અને ૫ ડિસેમ્બરે મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે, જ્યારે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યનમમાં અનેક સ્થળોએ અત્યંત ભારે વરસાદની શક્યતા છે. અહેવાલ અનુસાર, ભારે વરસાદના ભય વચ્ચે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ લગભગ ૮ જિલ્લાઓમાં અધિકારીઓને તૈયારીઓ માટે એલર્ટ જાહેર કર્યું છે. રિપોર્ટ અનુસાર, ભારે વરસાદના ભય વચ્ચે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ લગભગ ૮ જિલ્લાઓમાં અધિકારીઓને તૈયારીઓ માટે એલર્ટ જાહેર કર્યું છે. દરમિયાન ચક્રવાતી વાવાઝોડું 'મિચોંગ' આજે સવારે ૮:૩૦ વાગ્યે ચેન્નઈથી લગભગ ૯૦ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં તીવ્ર ચક્રવાતી તોફાનમાં રૂપાંતરિત થયું હતું. હવામાન વિભાગે ૪ અને ૫ ડિસેમ્બરે ઉત્તર-તટીય તમિલનાડુ અને પુંડુચેરીમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે.



રાજસ્થાન ભાજપના પ્રભારી અરુણ સિંહ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.પી. નવી દિલ્હીમાં રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની જીત બાદ જોશી બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને મળ્યા હતાં.

# એનિમલ ફિલ્મનું શૂટિંગ પટૌડી પેલેસમાં કરવામાં આવ્યું

। મુંબઈ, તા.૫ ।

રણબીર કપૂર અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ એનિમલ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. થોડાક જ સમયમાં આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૨૦૦થી વધુનું કલેક્શન કરી લીધુ છે. આ ફિલ્મે રિલીઝના ચોથા દિવસ સુધી આશરે ૨૪૨ કરોડની કમાણી કરી લીધી છે. દર્શકોને ફિલ્મમાં બતાવવામાં આવેલા એક્શન સીનની સાથે ફિલ્મની લોકેશન પણ ખુબ જ પસંદ આવી રહી છે. પણ શું તમે જાણો છો કે આ ફિલ્મની શૂટિંગ સૈફ અલી ખાનના ઘર પટૌડી




પેલેસમાં કરવામાં આવી છે. મળેલા અહેવાલો મુજબ સૈફ અલી ખાનના પૈતૃક ઘર પટૌડી પેલેસમાં એનિમલ ફિલ્મનો મોટો હિસ્સો શૂટ કરવામાં આવ્યો છે. પટૌડી પેલેસની કિંમત લગભગ ૮૦૦ કરોડ રૂપિયા છે. જ્યારે તમે આ ફિલ્મ અને સૈફ અલી ખાનના ઘરની કેટલીક તસવીરો જોશો, ત્યારે તમને સ્પષ્ટપણે ફરક દેખાશે. આ પેલેસ વર્ષ ૧૯૩૫માં બનાવવામાં આવ્યો હતો. સૈફ અલી ખાનના પરિવારના છેલ્લા નવાબ ઈફ્તિખાર અલી ખાન પટૌડી દ્વારા બનાવવામાં આવેલા આ ઘરના અંદરના ભાગમાં ભારતીય અને ઈસ્લામિક થીમ્સ દેખાય છે. પટૌડી પેલેસ ગુરુગ્રામથી લગભગ ૨૬ કિલોમીટર દૂર આવેલું છે. સૈફ અને કરીના તેમનાં પુત્રો સાથે અહિયાં ફેમિલી ટાઈમ વિતાવવા આવતા હોય છે. કરીના અને સૈફની તસવીરોમાં આ ભવ્ય પેલેસની ઝલક જોવા મળતી હોય છે. ફિલ્મ એનિમલની વાત કરીએ તો આ ફિલ્મમાં રણબીર કપૂર મુખ્ય ભૂમિકામાં છે જયારે બોબી દેઓલ વિલેનની ભૂમિકા ભજવી રહ્યો છે. આ ઉપરાંત અનિલ કપૂર અને રશ્મિકા મંદાના પણ ફિલ્મમાં છે. આ ફિલ્મને દેશભરમાં લગભગ ૪,૦૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ કરવામાં આવી છે.

# રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની હત્યા

### અંદાજિત ૪થી ૫ હુમલાખોરોએ સુખદેવ સિંહ ગોગામેડ પર ફાયરિંગ કરતા ગોળી સુખદેવ સિંહના હૃદય અને ખભા પાસે વાગી

। જયપુર, તા.૫ ।

રાજસ્થાનની રાજધાની જયપુરમાં શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના અધ્યક્ષ સુખદેવ સિંહ ગોગામેડીની તેમના ઘરમાં જ ગોળી મારીને હત્યા કરાઈ છે. ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે, જેમાં હત્યારા ગોગામેડી સાથે સોફા પર બેઠેલા જોવા મળે છે અને તે અચાનક ગોગામેડી અને તેની સાથેના લોકો પર ધડાધડ ફાયરિંગ કરવા લાગે છે. ઘટનાને લઈને રાજસ્થાન અને સમગ્ર દેશમાં હડકંપ મચી ગયો છે. હુમલાખોરોની શોધખોળ ચાલી રહી છે. આ વચ્ચે આ મામલે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગના ગેંગસ્ટર રોહિત ગોદારા અને ગોલ્ડી બરારે સુખદેવ સિંહ ગોગામેડીની હત્યાની જવાબદારી લીધી છે. ગેંગસ્ટર રોહિત ગોદારાએ ટ્વીટ કરીને કહ્યું કે, રામ રામ તમામ ભાઈઓને. હું રોહિત ગોદારા કપૂરીસર, ગોલ્ડી બરાર. ભાઈઓ આજે જે આ સુખદેવ સિંહ ગોગામેડીની હત્યા થઈ છે. તેની સંપૂર્ણ જવાબદારી અમે લઈએ છીએ. આ હત્યા અમે કરાવી છે. ભાઈઓ તમને જણાવવા માંગું છું કે, આ અમારા દુશ્મનો સાથે મળીને તેમને સહયોગ કરતો હતો. તેને પૂર્ણ રીતે મજબૂત કરવાનું કામ કરતો હતો અને રહી વાત અમારા દુશ્મનોની તો તેઓ પોતાના ઘરના અર્થી તૈયાર રાખે. જલ્દી જ તેમની સાથે પણ મુલાકાત થશે. જોકે, એજન્સી સોશિયલ મીડિયા પર વાયરલ ટ્વિટની હકિકતની પુષ્ટિ નથી કરતું. રાજસ્થાનના જયપુરમાં કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવ સિંહ ગોગામેડી હત્યાથી રાજપૂત સમાજમાં રોષ છે. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ટ્વિટ કરીને કહ્યું કે, શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી સુખદેવ સિંહ ગોગામેડીજીની હત્યાના સમાચારથી સ્તબ્ધ છું. આ સંદર્ભમાં પોલીસ કમિશનર પાસેથી માહિતી લીધી છે અને આરોપીઓની જલ્દીથી ધરપકડ કરવા કહ્યું છે. સમાજના લોકોને શાંતિ અને ધીરજ રાખવી પડશે. ભાજપ સરકારે શપથ લેતા જ રાજ્યને ગુનામુક્ત કરવું અમારી પ્રાથમિકતામાં છે.

### ૨૦૨૧માં ૨૦૦ થી વધુ દેશોમાંથી

# ૧.૫ મિલિયનથી વધુ લોકો અમેરિકામાં આવી ગયા

### ૨૦૨૧નું મોટું ઈમિગ્રેશન વર્ષ પણ ઈમિગ્રેશન બૂમનો એક ભાગ હતું જે અમેરિકામાં ત્રણ પેઢીઓથી ચાલી રહ્યું છે

। નવી દિલ્હી, તા.૫ ।

૨૦૨૧માં ૨૦૦થી વધુ દેશોમાંથી ૧.૫ મિલિયનથી વધુ લોકો અમેરિકા આવ્યા હતા. જેમાંથી લગભગ ૬૪૦,૦૦૦ લોકોનો એવા હતા જેઓ નોકરીની શોધમાં આવ્યા હતા. ઈમિગ્રેશન મુજબ તે અસામાન્ય રીતે મોટું વર્ષ હતું. કોરોનાનો રોગચાળો હળવો થવા લાગ્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્રની પ્રતિબંધિત ઈમિગ્રેશન નીતિઓમાંથી કેટલીક તાજેતરમાં જ રદ કરવામાં આવી હતી. અને ફુગાવો, હિંસા અને પર્યાવરણીય આપત્તિઓ વિશ્વભરના ઘણા લોકોને યુનાઈટેડ સ્ટેટ્સને નવી શરૂઆત કરવા માટે એક સ્થળ તરીકે જોવા માટે પ્રોત્સાહિત કરી રહી હતી. ૨૦૨૧નું મોટું ઈમિગ્રેશન વર્ષ પણ ઈમિગ્રેશન બૂમનો એક ભાગ હતું જે અમેરિકામાં ત્રણ પેઢીઓથી ચાલી રહ્યું છે. પ્યુ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, ૧૯૬૫ અને ૨૦૧૫ ની વચ્ચે અમેરિકાની કુલ વસ્તી વૃદ્ધિમાં ઈમિગ્રન્ટ્સનો હિસ્સો લગભગ ૫૫% હતો. દેશની વર્તમાન વસ્તીના લગભગ ૧૩.૬% અન્ય દેશમાં જન્મ્યા હતા, જે સ્તર છેલ્લે ૧૯૨૦માં જોવા મળ્યું હતું. પરંતુ જો તેઓ ન હોત તો શું? જો, આગામી કેટલાક દાયકાઓમાં અમેરિકામાં નવા આવનારાઓની સંખ્યા ઘણી ઓછી થાય અથવા તો શૂન્યની નજીક હોય તો શું થાય? આ એક એવો પ્રશ્ન છે જે નવી તાકીદ જેવો છે કારણ કે અમેરિકાની વૃદ્ધાવસ્થાની તેજી ટોપ ગિયરમાં આવી રહી છે. જ્યારે ઈમિગ્રેશન નીતિ લાંબા સમયથી રાજકીય ચર્ચાનો વિષય છે, અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનું જોર વધવાની સંભાવના છે. તેવા સમયમાં વધુ કે ઓછા નવા ઈમિગ્રન્ટ્સને આવકારવા જોઈએ કે કેમ તે અંગેના વિચારો હવે માત્ર બીજા સંદર્ભમાં જોવામાં આવે છે.

## વિશેષ

### નડિયાદ તાલુકાના પીપળાતા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

# નડિયાદ તાલુકાના પીપળાતા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત






સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ દેશના પ્રત્યેક ગામના નાગરિકો સુધી પહોંચે તે હેતુથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો આજે નડિયાદ તાલુકાના પીપળાતા ગામે પહોંચી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષમાન કાર્ડ, આઈ.સી.ડી.એસ તરફથી સ્વસ્થ બાળ સ્પર્ધા ઈનામ અને કિશોરી પૂર્ણા કીટ, સ્વજલ ધારા યોજનામાં સરપંચશ્રીને પ્રમાણપત્ર, ખેતીવાડી વિભાગ તરફથી સોઈલ હેલ્થ કાર્ડ યોજનાના લાભાર્થીઓને સરકારની યોજનાઓથી માહિતગાર કરી યોજનાકીય લાભ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં એનીમિયા તથા ટીબી નિદાન માટે નાસ્ટોલ, કિસાન કેડિટ કાર્ડ, દીનદયાળયોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ, પોષણ યોજના, વગેરે યોજનાના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધરતી કરે પુકાર, સાંસ્કૃતિક કાર્યક્રમ, કાર્યક્રમો યોજાયા હતા. તથા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ભારતને ૨૦૪૭ સુધી વિકસિત અને આત્મનિર્ભર બનાવવા શપથ લીધી હતી. આ પ્રસંગે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પ્રાકૃતિક ખેતી યોજના તથા આયુષ્યમાન કાર્ડ,મિશન મંગલમ,પુર્ણા શક્તિના લાભાર્થીઓએ પોતાને મળેલ લાભની વાત કરી અન્ય લોકોને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. શ્રીમતિ મેઘાબેન અલ્પેશભાઈ પટેલ, પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, નડિયાદ, તાલુકા પંચાયત સભ્ય, આયુશ મેડિકલ ઓફિસરશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, તથા સરપંચશ્રી પીપળાતાના હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં પીપળાતા ગામના સરપંચશ્રી, અગ્રણીઓ તેમજ સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

વધુ એક શખ્સમી ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી

# માધુપુરા પોલીસે ૨૨ કિલો ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરી

## આરોપીએ શોર્ટકટથી પૈસાદાર થવા નશાનો કારોબાર શરૂ કર્યો અને ગાંજાનો જથ્થો લાવી, નાની-નાની પડીકીઓ બનાવી શહેરના જુદા જુદા વિસ્તારમાં વેચતો હતો

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદના માધુપુરામાંથી ગાંજાનું વેચાણ કરનાર એક આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. માધુપુરા પોલીસે ૨૨ કિલો ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ શોર્ટકટથી પૈસાદાર થવા નશાનો કારોબાર શરૂ કર્યો અને ગાંજાનો જથ્થો લાવી, નાની-નાની પડીકીઓ બનાવી શહેરના જુદા જુદા વિસ્તારમાં વેચતો હતો. અમદાવાદમાં ફરી સામે આવ્યો છે નશાનો કાળો કારોબાર. ખેડામાં નશાકારક કપ સિરપ પીવાના કારણે ૬ લોકોના મોત નિપજ્યા છે, જેના પડઘા સમગ્ર રાજ્યમાં પડ્યા છે. ત્યારે વધુ એક શખ્સમી ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી છે. માધુપુરા પોલીસે ૨૨ કિલો ગાંજાના જથ્થા સાથે એક શાહરૂખ ખાન પઠાણ નામના આરોપીની ધરપકડ કરી છે.



પોલીસને બાતમી મળી હતી કે એક ગાડીમાં શાહીબાગ દુધેશ્વર રોડ પર ગાંજાના જથ્થા સાથે એક આરોપી ઘર નજીક પહોંચી રહ્યો છે. જેથી પોલીસે વોચ ગોઠવીને ગાંજાનું વેચાણ કરનાર શાહરૂખને ગાડીમાંથી રંગેહાથે ઝડપી લીધો હતો. તેની પાસેથી ગાંજો અને કાર સહિત રૂપિયા ૫.૩૦ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પકડાયેલ આરોપી શાહરુખ ખાન પઠાણ વર્ષ ૨૦૨૧માં વલસાડમાં ૨૮૩ કિલો ગાંજાના કેસમાં સંડોવણી સામે આવી હતી. જેમાં આરોપીની ધરપકડ બાદ ૬ માસ જેલવાસ ભોગવ્યો હતો. અને જેલમાંથી છૂટ્યા બાદ ફરી ગાંજાનું વેચાણ શરૂ કર્યું હતું. જેની પૂછપરછમાં સામે આવ્યું કે શાહઆલમના ઝફાર પાસેથી ગાંજાનો જથ્થો લાવી પોતે નાની નાની પડીકીઓ બનાવીને શહેરના જુદા જુદા વિસ્તારમાં વેચતો હતો. એક કિલો ૭ હજારના ભાવે ગાંજો ખરીદીને પોતે પડીકીઓ બનાવીને ૧૦ હજારમાં વેચતો હોવાનું ખુલ્યું છે. છેલ્લા ૨ વર્ષથી ગાંજાનો કારોબાર કરીને આરોપીએ પોતાનું નેટવર્ક ઉભું કર્યું હતું.. આરોપીની પૂછપરછમાં વોન્ટેડ આરોપી ઝફારે ગાંજો વેચવા માટે શાહરૂખનો સામેથી સંપર્ક કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

---

### ન્યૂઝ બ્રિફ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એરપોર્ટ બનાવવામાં આવશે

| મહેસાણા, તા.૫ |

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એરપોર્ટ બનાવવામાં આવશે. ૬ ડિસેમ્બરે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ટીમ વડનગર આવશે. એરપોર્ટ ઓથોરિટીની ટીમ ૩ જગ્યાએ સરવે કરશે જે અનુસંધાને જિલ્લાના અધિકારીઓને જાણ કરાઈ છે. એરપોર્ટ પ્રી-ફિઝિબિલિટી સ્ટડીની કામગીરી માટે ટીમ આવશે. હૈંન્ઈ મહેસાણા,વડનગર અને વિસનગર મામલતદારને પણ જાણ કરાઈ છે. અધિકારીઓને સૂચિત જગ્યાના ૭/૧૨, ગામનો નકશા સાથે હાજર રહેવા સૂચના અપાઈ છે. એરપોર્ટ માટે વડનગર, ગુંજા અને ચાંદપુર ગામના ૧૫૯ સરવે નંબરની જમીનનો સમાવેશ કરાયો છે. નાગરિક ઉડ્ડયન કચેરી દ્વારા મહેસાણા જિલ્લાના અધિકારીઓને સૂચના અપ ાઈ છે. વડનગરમાં આવેલું ગુજરાતની શાન એવું કિર્તી તોરણ, તાનારીરીની સમાધિ, શર્મિષ્ઠા તળાવ, બૌદ્ધ વિરાસત, પ્રસિદ્ધ હાટકેશ્વર મંદિર તેમજ પુરાતત્વ વિભાગના ઉત્ખનન દરમિયાન ઘણી બધી ઐતિહાસિક બાબતો મળી આવેલી છે

## રાજકોટમાં મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ લગાવાયો

| રાજકોટ, તા.૫ |

શહેરના ૧૦૦થી વધુ મંદિરોમાં પ્રવેશને લઈને ડ્રેસ કોડ લાગુ કરાયો છે.મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશ કરવા પર પ્રતિબંધના પોસ્ટર રાજકોટમાં ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે. જેમાં મંદિર પરિસરમાં ભક્તોના કેપ્રિ, બરમુડા, ફાટેલા જીન્સ, સ્કર્ટ અને સ્લીવલેસ કપડાં પહેરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સનાતન સ્વરાજ નામની સંસ્થા દ્વારા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. રાજકોટમાં પણ હવે મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ લગાવાયો છે. શહેરના ૧૦૦થી વધુ મંદિરોમાં પ્રવેશને લઈને ડ્રેસ કોડ લાગુ કરાયો છે. મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશ કરવા પર પ્રતિબંધના પોસ્ટર રાજકોટમાં ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે.

## પાટણ જિલ્લામાં ટ્રક ડ્રાઇવરો દ્વારા હાઇવે પર ચક્કાજામ કરવામાં આવ્યો

| પાટણ, તા.૫ |

પાટણ જિલ્લા ટ્રક ડ્રાઈવરો દ્વારા હાઈવે પર ચક્કાજામ કરવામાં આવ્યો છે, વહેલી સવારથી જ હાઈવે બ્લૉક થઈ જતાં રોડ પર વાહનોની લાંબી લાંબી કતારો લાગી છેપાટણમાં હાઈવે પર ટ્રક ડ્રાઈવરો દ્વારા ચક્કાજામ કરી દેવામાં આવ્યો છે. ટ્રક ડ્રાઈવરોનો આરોપ છે કે, પાટણના સાંતલપુર હાઈવે પર પીપરાળા ચેક પૉસ્ટ પર પોલીસ ટ્રક ડ્રાઈવરોને ખોટી રીતે ખુબ હેરાન પરેશાન કરી રહી છે, આજે કરાયેલા ચક્કાજામ દરમિયાન એક એક ટ્રક ડ્રાઈવરે પોતાની જાત પર ડીઝલ છાંટીને આત્મવિલોપનનો પણ પ્રયાસ કર્યો હતો, જોકે, સાથી ટ્રક ડ્રાઈવરોએ તેને આમ કરતાં રોકી લીધો હતો. મળતી માહિતી પ્રમાણે, પાટણ જિલ્લા ટ્રક ડ્રાઈવરો દ્વારા હાઈવે પર ચક્કાજામ કરવામાં આવ્યો છે, વહેલી સવારથી જ હાઈવે બ્લૉક થઈ જતાં રોડ પર વાહનોની લાંબી લાંબી કતારો લાગી છે.

---

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'આઈડિયા ટુ એન્ટરપ્રાઇઝ'ના ધ્યેયને

# નવીન દિશા આપતા ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન હબ (i-Hub)ના અત્યાધુનિક કોમ્પલેક્ષનું ઉદ્દ્ઘાટન કરાયું

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૫ સ્ટાર્ટઅપ્સને પ્રતિકાત્મક Incubation Co-working spaceના અલોટમેન્ટ લેટરનું વિતરણ કરાયું**





| અમદાવાદ, તા.૫ |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા **SSIP** હેઠળ સ્થાપિત ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ **(i-Hub)**ના અત્યાધુનિક કોમ્પલેક્સનું અમદાવાદ ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્દ્ઘાટન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે પ્રતિકાત્મક રીતે ૫ સ્ટાર્ટઅપ્સને પ્રતિકાત્મક રૂપે **Incubation Co-working space**ના અલોટમેન્ટ લેટરનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત **i-Hub** ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ વેળાએ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ **i-Hub** કોમ્પ્લેક્સનું વિહંગાવલોકન કરી **i-Hub**ના નવીન બિલ્ડીંગમા કાર્યરત સ્ટાર્ટઅપ કો-વર્કિંગ સ્પેસની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રી શ્રી ઋષિકેશ પટેલે સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ સાથે તેમના રિસર્ચ-ઈનોવેશન અને પ્રોડક્ટ્સ વિશે વિગતવાર સંવાદ કર્યો હતો. આ પ્રસંગે ૧૧૦ ફાઉન્ડર્સ દ્વારા ઈનોવેશન અને સ્કુલનું પ્રદર્શન કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ સંરક્ષણ, શિક્ષણ, આરોગ્ય, એગ્રીકલ્ચર, સ્પોર્ટ્સ, સર્વિસ સેક્ટરને લગતા સ્ટાર્ટઅપ્સની મુલાકાત લીધી હતી.

'આઈડિયા ટુ એન્ટરપ્રાઈઝ'ના ધ્યેયને નવીન દિશા આપશે **i-Hub**નું નવીનતમ સેન્ટર અત્યાધુનિક સુવિધાઓ સાથે ઉદ્યોગ સાહસિકતા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનું ૧,૫૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં શરૂ કરાયેલું સૌથી મોટું કેન્દ્ર છે, જ્યાં એકસાથે, એક જ જગ્યાએથી ૫૦૦ સ્ટાર્ટઅપ્સ કામ કરી શકશે. ભવિષ્યવાદી અને અદ્યતન ટેક્નોલોજી સાથે બનાવવામાં આવેલી લેબમાં પ્રારંભિક સ્ટાર્ટઅપ માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. **i-Hub** દ્વારા વિકસિત આ અત્યાધુનિક કોમ્પલેક્સ ફ્લેક્સિબલ, પ્રારંભિક સ્ટાર્ટઅપ્સને અનુકૂળ અને સહયોગી કો-વર્કિંગ સ્પેસનું મિશ્રણ છે.

**i-Hub સેન્ટરની વિશેષતાઓ**

આ સેન્ટરની વિશેષતાઓમાં પ્લગ-એન-પ્લે મોડલમાં સરળતાથી ઉપયોગ કરી શકાય તેવી હાઈ સ્પીડ ઈન્ટરનેટ સહિતની મૂળભૂત સુવિધાઓથી સુસજ્જ કો-વર્કિંગ સ્પેસ છે. **i-Hub**એ દેશ અને વિદેશમાં અનેક સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે, જેનો લાભ સ્ટાર્ટઅપ્સને મળી શકશે.

આ ઉપરાંત આ નવીન બિલ્ડિંગમાં તમામ સ્ટાર્ટઅપ્સ માટે મીટિંગ રૂમ, સેમિનાર રૂમ, કોન્ફરન્સ રૂમ અને લાઈબ્રેરી જેવી સુવિધાઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સપોર્ટ છે, જેનો ઉપયોગ વિના મૂલ્યે અથવા ઓછા ખર્ચે કરી શકાશે. માર્ગદર્શન અને મેન્ટરશીપ માટે સ્ટાર્ટઅપ્સને **i-Hub**ના મેન્ટર બોર્ડની ઍક્સેસ આપવામાં આવી છે. આ મેન્ટર બોર્ડમાં વિવિધ ડોમેન વર્ટિકલ્સના જાણીતા નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવશે. **i-Hub** ઈન-હાઉસ સ્ટેટ આઈપી ફેસિલિટેશન સેન્ટર દ્વારા સ્ટાર્ટઅપ્સને પેટન્ટ અને ટ્રેડમાર્ક સપોર્ટ પૂરો પાડે છે. **i-Hub** સાથે સંકળાયેલા સ્ટાર્ટઅપ્સ માટે પેટન્ટ અને ટ્રેડમાર્ક ફાઈલ કરવા માટેનો તમામ ખર્ચ રિએમ્બર્સ કરી આપવામાં આવશે તેવી વ્યવસ્થા છે. **i-Hub** વિવિધ યોજનાઓ હેઠળ સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય ઉપરાંત ખાનગી મૂડી એકત્ર કરવા માટે સ્ટાર્ટઅપ્સને ૨૮ એન્જલ રોકાણકારો અને ૧૨ પ્રારંભિક તબક્કાના વેન્ચર ફંડ્સની ઍક્સેસ પણ મળી શકશે.

આ પ્રસંગે ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી શ્રી મુકેશ કુમાર, ટેકનીકલ શિક્ષણ વિભાગના કમિશ્નર શ્રી બંછાનીધિ પાની, ઉચ્ચ શિક્ષણ વિભાગના ડિરેક્ટર શ્રી પી. ડી. પંડ્યા, ટેકનિકલ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

---

### રાજ્ય સરકારે હાથ ધરી અનેક નવતર પહેલો

## ચાલુ વર્ષે જમીન અને પાણી જીવનનો સ્ત્રોત થીમ પર વર્લ્ડ સોઇલ ડે ઉજવવામાં આવ્યો

**જમીનની ઘટતી ગુણવત્તાને કારણે જૈવિક પદાર્થોની ખોટ થાય છે અને જમીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો થાય છે આવી સ્થિતિમાં લોકોને આ અંગે જાગૃત કરવા ખૂબ જ જરૂરી છે**

| અમદાવાદ, તા.૫ |

સોઈલ એટલે કે જમીન સાથે અન્ન, પાણી અને હવા સહિતની અનેક બાબતો જોડાયેલી હોવાથી તેની ગુણવત્તા સદીઓ સુધી જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે. લોકોને જમીનના મહત્વ અને તેની ગુણવત્તા વિશે જાગૃત કરવા દર વર્ષે ૫મી ડિસેમ્બરે "વર્લ્ડ સોઈલ ડે"ની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે "જમીન અને પાણી : જીવનનો સ્ત્રોત" થીમ પર વર્લ્ડ સોઈલ ડે ઉજવવામાં આવી રહ્યો છે. હવે પ્રશ્ન એ થાય છે કે જમીન બચાવવાની જરૂર કેમ છે? વાસ્તવમાં, પ્રદૂષણ અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગને પરિણામે જમીનની ગુણવત્તામાં ઘટાડો આવે છે, જે એક ગંભીર સમસ્યા છે. જમીનની ઘટતી ગુણવત્તાને કારણે જૈવિક પદાર્થોની ખોટ થાય છે અને જમીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો થાય છે. આવી સ્થિતિમાં લોકોને આ અંગે જાગૃત કરવા ખૂબ જ જરૂરી છે. ગુજરાતની ધરતીને ગુણવત્તાયુક્ત અને પ્રદુષણ મુક્ત રાખવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા અનેક નવતર પહેલ અને પગલાઓ લેવામાં આવ્યા છે. આ અંગે વાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ખેતી લાયક જમીનનું સ્વાથ્ય જળવાઈ રહે અને ખેડૂત મિત્રો ટકાઉ ખેતી કરી શકે તે માટે કૃષિ વિભાગે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. મંત્રી પટેલે કહ્યું કે, જંતુનાશક દવાઓ અને રસાયણિક ખાતરોનો અયોગ્ય અને અપ્રમાણસરનો ઉપયોગ જમીનને મહદઅંશે નુકશાન પહોંચાડે છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

---



**નવા વાડજમાં આવેલ શ્રી નવી વિદ્યાવિહાર શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો હતો જેમા નજીકની દરેક શાળાએ ભાગ લીધો હતો.**

---

### છેલ્લા ચારથી પાંચ દિવસથી RTOનું સર્વર ઠપ

# અમદાવાદમાં એક સાથે ત્રણેય RTOના સર્વરમાં ખામી સર્જાઇ

## ઈન્ટરનેશનલ લાયસન્સની ચાર હજાર અરજી ફસાઈ છે ત્રણેય RTOમાં અંદાજે ૩૦૦૦થી વધુ અરજદારોને ધક્કો ખાવાનો વારો આવ્યો છે

| અમદાવાદ , તા.૫ |

ગુજરાતમાં **RTO** સર્વરમાં વારંવાર ખામી સર્જાતી હોય છે, ત્યારે ફરી એક વાર **RTO**ના સર્વરમાં ખામી સર્જાઇ હોવાનું સામે આવ્યુ છે. જેના કારણે અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. અરજદારોની ઓનલાઈન કામગીરી પણ અટવાઈ પડી છે. વસ્ત્રાલ **RTO** હોય કે પથી સુભાષ બ્રિજ અથવા બાવળા **RTO**, ત્રણેયના સર્વરમાં ખામી સર્જાતા મોટી સંખ્યામાં અરજદારોના કામ અટકી ગયા છે.અમદાવાદમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી **RTO**નું સર્વર ઠપ થવાની સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને ઈન્ટરનેશનલ લાયસન્સની ચાર હજાર અરજી ફસાઈ છે. ત્રણેય **RTO**માં અંદાજે ૩૦૦૦થી વધુ અરજદારોને ધક્કો ખાવાનો વારો આવ્યો છે. **RTO**માં તમામ પ્રક્રિયા ડામાડોળ ચાલી રહી છે. જેના કારણે લોકોને હાલાકી પડી રહી છે.

લોકો પણ અવાર નવાર રજૂઆત કરતા રહ્યા છે કે ઓનલાઈન સર્વરમાં થતી ખામી પર સરકાર ધ્યાન આપે, તેમાં સુધારો કરે, તેમજ સોફ્ટવેર પણ અપડેટ કરે. જો કે આ બાબતે ધ્યાન ન અપાતા સમસ્યા યથાવત જોવા મળી રહી છે.

---

### મહાનગર પાલિકા દ્વારા ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરાઇ

# ૨૧ ડિસેમ્બર પછી પશુનું રજીસ્ટ્રેશન થશે તો પાંચ ગણી ફી ચૂકવવી પડશે

## અત્યાર સુધી ફક્ત એક જ લાયસન્સ કોર્પોરેશન દ્વારા ઇશ્યૂ કરવામાં આવ્યું

| ગાંધીનગર, તા.૫ |

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરી દેવામાં આવી છે ત્યારે ૨૧ ઓક્ટોબરે જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચાર મહિનામાં રજીસ્ટ્રેશન કરાવવા તાકીદ કરવામાં આવી હતી જે અંતર્ગત હવે ૨૧ ડિસેમ્બરથી પશુઓનું રજીસ્ટ્રેશન કરાવનારને પાંચ ગણી એટલે કે એક હજાર જેટલી ફી ચુકવવી પડશે. અત્યાર સુધી ફક્ત એક જ લાયસન્સ કોર્પોરેશન દ્વારા ઈશ્યૂ કરવામાં આવ્યું છે. પાટનગર ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ દૂર કરવા માટે કોર્પોરેશન દ્વારા ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરવામાં આવી છે. આ પોલિસી લાગુ કરતાં પહેલાં કોર્પોરેશન દ્વારા શહેરમાં ગેરકાયદેસર રીતે વર્ષોથી ચાલતા ઢોરવાડા હટાવવામાં આવ્યા હતા અને સરકારી કરોડો રૂપિયાની જગ્યા ખાલી કરવામાં આવી હતી. ગાંધીનગર કોર્પોરેશનના નવા અને જૂના વિસ્તારમાં પશુ રાખવા માટે લાયસન્સ ફરજિયાત કરવામાં આવ્યું હતું અને આ માટે ગત ૨૧ ઓક્ટોબરના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચાર મહિનાની અંદર ૨૦૦ રૂપિયા ફી ભરી પશુનું રજીસ્ટ્રેશન કરાવી દેવા માટે તાકીદ કરવામાં આવી હતી. હાલ કોર્પોરેશન રજીસ્ટ્રેશન માટે એક પશુ દીઠ ૨૦૦ રૂપિયા વસૂલી રહ્યું છે. જોકે આ મામલે કેટલા લોકો વિરોધ પણ નોંધાવી રહ્યા છે ત્યારે આ સમય મર્યાદા ૨૦ ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી છે. એટલે કે હવે ૨૧ ડિસેમ્બરથી પશુઓનું રજીસ્ટ્રેશન કરાવનાર પશુપાલકોએ પાંચ ગણી એટલે કે એક પશુ દીઠ ૧૦૦૦ રૂપિયા જેટલી ફી કોર્પોરેશન તંત્રને ચૂકવવી પડશે. મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં નવા અને જૂના વિસ્તારોમાં ૬૫૯૨ જેટલા પશુઓને આર એફ આઈ ડી ટેગ લગાડી દેવામાં આવ્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨